**સુવિચાર**
વેર વાળ્યાનો આનંદ એક–બે દિવસ જ ટકે છે,
પણ માફ કર્યાનો આનંદ તો જીવનભર ટકે છે !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૪/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૮૧ ચૈત્ર વદ–૩ વર્ષ : ૧૬ અંક : ૧૦૬

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
ચોકો આલ્મંડ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૧૭–૦૪–૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## અમરેલી જિલ્લામાં માંતેલા સાંઢની જેમ દોડતા વાહનોને કોઈ રોકવાવાળુ નથી

# ચલાલા નજીક હરિદર્શનની ખાનગી બસ પલ્ટી જતાં ૧૬ મુસાફરો ઈજાગ્રસ્ત

**ઉનાથી વાયા ચલાલા થઈને અમદાવાદ જતી ખાનગી લકઝરી બસનાં ચાલકની બેદરકારી હોવાનો આક્ષેપ**

**ચલાલાથી ઉપડીને અમરેલી તરફ ૩ કિ.મી. ચાલી ત્યાંજ બસ પલ્ટી જતાં મુસાફરોમાં ચીસાચીસ**

**ઈજાગ્રસ્તોને યુધ્ધનાં ધોરણે ચલાલાનાં સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા**

**એક મુસાફરે બસનાં ચાલક અને માલીક સામે ગુન્હો નોંધાવાની જાહેરાત કરી**



તસ્વીર : પ્રકાશ કારીયા–ચલાલા

ચલાલા, તા. ૧૫

ઉનાથીખાંભાચલાલાથઈને અમદાવાદ જતી ખાનગી હરીદર્શન ટ્રાવેલ્સની બસ ચલાલા નજીક ચાલક દ્વારાસ્ટેરીંગપરનોકાબુગુમાવતાપલ્ટી મારીગઈ હતી.

સુત્રો માંથી જાણવા મળેલ વિગતમુજબઉનાથીરાત્રીનાઆઠકલાકે અમદાવાદજવા માટે નીકળેલીબસનં. જી.જે.–૧૪ડબલ્યુ–૦૧૧૮નંબરની હરીદર્શન ટ્રાવેલ્સની ખાનગી લકઝરી બસ વાયા ખાંભા થઈને ચલાલાથી પેસેન્જરબેસાડીહજુત્રણેકકિલોમીટર પહોંચી હતી ત્યાં બસ ડ્રાઈવરે સ્ટેરીંગ પરનોકાબુગુમાવતાડાબીસાઈડમાંરોડ નીચે આવેલ ખાઈમાં આખી બસ પલ્ટી મારી જતા સદ નસીબે કોઈ મોટી જાનહાનીથઈનાહતી. તેમછતાંબસમાં મુસાફરી કરતા હતા તેમાંથી સોળ પેસેન્જરોને નાની–મોટી ઈજાઓ થઈ હતી.

આ ઘટનાની જાણ ચલાલા પોલીસનેથતાતુરંતઘટનાસ્થળેપહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. અકસ્માતને લઈને રોડ પર ટ્રાફિક જામ થયો. પોલીસપ્રશાસનદ્વારારોડ પરનો ટ્રાફિક હલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવીહતી અને ઈજાગ્રસ્તોને ૧૦૮અનેએમ્બ્યુલન્સમારફતેચલાલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાહતા. પ્રાથમિક તપાસમાં કુલ ૧૬ જણાને નાની–મોટી ઈજા પહોંચી હતી. ૧૬ ઈજાગ્રસ્તોને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા ૧૬માંથી ૫ ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માત જોવા લોકોના ટોળાને ટોળા એકઠા થયા હતા. અકસ્માત સ્થળેઅનેસરકારીદવાખાનેસ્થાનિક,

અનુસંધાન પાના ૬ ઉપર

## અજાણ્યા ઈસમોએ અપહરણ કર્યાની આશંકા

# રાજુલાનાં વડ ગામની સીમમાં કેરીના અલગ અલગ ૨ બગીચામાંથી ૨ યુવકોનાં અપહરણ થયા

**એકી સાથે ૨ યુવકનાં અપહરણથી ચકચાર મચી**

અમરેલી, તા. ૧૫

અમરેલીમાં હવેથી દર મહિનાના ત્રીજા ગુરૂવારે
સાંજે ૪ થી ૭ નિયમીત મળશે.
બાળકોના સ્પેશ્યાલીસ્ટ ડેન્ટીસ્ટ
ડો.વૈભવ કોટેચા
M.D.S.(પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ)
આગામી તા.૧૭–૦૪–૨૦૨૫ ગુરૂવારના રોજ મળશે.
ૐ ડેન્ટલ ક્લિનીક
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ,અમરેલી.
મો.૭૮૧૫૮ ૩૭૧૩૭/મો.૯૮૨૩૭ ૩૦૦૮૯

રાજુલા તાલુકાના વડ ગામની સીમમાં દડુભાઈ હરસુરભાઈ ધાખડાનીવાડીમાંકેરીનાંબગીચામાંકામ કરતાં તરૂણ તથા બાજુના કેરીના બગીચામાં કામ કરતાં તરૂણના માસીના દીકરાને કોઈ અજાણ્યા ઈસમ અપહરણ કરી લઈ જતાં બે તરૂણના અપહરણની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના ચૌત્રા ગામના વતની અને હાલ વડ ગામની સીમમાં દડુભાઈ હરસુરભાઈ ધાખડાની વાડીએ રહેતા મધુભાઈ મછુભાઈ પરમારનો દીકરો ભયલુ નામનો ૧૬ વર્ષિય તરૂણ ગત તા. ૧૨ ના રોજ સાંજે વડ ગામમાં ભાગવી રાખેલ કેરીના બગીચામાં કામ કરતો હતો. તેમજ બાજુમાં મધુભાઈ મછુભાઈ પરમારના સાળી રેખાબેને પણ કેરીનો બગીચો ભાગવો રાખેલ હોય તે બગીચામાં રેખાબેનનો દીકરો લાલાભાઈ નામનો ૧૫ વર્ષિય તરૂણ પણ બગીચામાં કામ કરતો હતો. તે દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સોએ મધુભાઈના દીકરા તથા રેખાબેનના દીકરાને અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
83,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

WE ARE HIRING
જોઈએ છે શિક્ષકો...
સ્વ. અમરતબા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ – બાબરા

| ક્રમ | વિગત | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક વિભાગ | P.T.C. અથવા પ્રાથમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી/ગણિત સંસ્કૃત/અંગ્રેજી | ૨ |
| ૨ | માધ્યમિક વિભાગ | B.ed અથવા માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી/સ.વિ. અંગ્રેજી | ૨ |
| ૩ | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | B.ed અથવા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી/અંગ્રેજી મનો વિજ્ઞાન | ૨ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૫ (પાંચ)માં પોતાની સ્વહસ્તાક્ષર અરજી સાથે નીચેના સરનામે રૂબરૂ મળવું.
મળવાનો સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ સુધી
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ – બાબરા
જીવનપરા, બસ સ્ટેન્ડ સામે, મુ. બાબરા, જી. અમરેલી.મો.98798 63817

## મનફાવે તે રીતે વીજળીનું વિતરણ થતાં હીરા ઉદ્યોગની અવદશા

# લીલીયા મોટા : મંદીમાં સપડાયેલ હીરા ઉદ્યોગને અનિયમિત વીજળીથી પરેશાની વધી

**સ્થાનિક કક્ષાએ અવારનવાર રજુઆત કરવા છતાં કોઈ પરિણામ મળતુ ન હોવાનો આક્ષેપ**

**૩૮ ગામનાં ૩ હજાર રત્ન કલાકારોને રોજીરોટી મેળવવામાં ભારે પરેશાની**

**અવારનવાર વીજળી ગુલ થવાથી વીજ ઉપકરણોને પણ વ્યાપક નુકસાન**

**ડાયમંડ એસોસીએશન ટ્રસ્ટનાં પ્રમુખ ભુપતભાઈ ધામતે કાર્યપાલક ઈજનેરને ધગધગતો પત્ર પાઠવ્યો**

લીલીયા, તા. ૧૫

લીલીયા મોટા તાલુકા ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ ભુપતભાઈ ધામતે પીજીવીસીએલનાં કાર્યપાલક ઈજનેરને વીજળીની અનિયમિતતા અંગે પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયામાં ઘણા હીરાના કારખાનાઓ ચાલે તેમાં ૩૮ ગામના આશરે ત્રણ હજાર રત્ન કલાકારો પોતાની રોજી મેળવે છે. પરંતુ વારંવાર વીજળી ગુલ થઈ જાય છે અને લીલીયા પીજીવીસીએલમાં ફોન કરીએ તો ત્યાંથી એવો જવાબ આપવામાં આવે છે કે ગાડી ગામડાઓમાં ગઈ છે ત્યાંથી આવ્યા પછી રીપેરીંગ થશે, કોલ સેન્ટરમાં પ્રમુખ ભુપતભાઈ ધામત ધ્વારા ફોન કરવામાં આવે તો ફોન લાગતો નથી અને બ્લેક લીસ્ટમાં નાખી દેવામાં આવે છે. તો આ બાબતે કોને ફરિયાદ કરવી અધિકારીઓ કોઈ જવાબ દેતા નથી. સતત ૮ મહિનાથી કેબલ વાયરની માંગણી કરીએ છીએ લીલીયા એક એવું શહેર છે જયાં ઈલેવન લાઈન નીચે એલ.ટી. લાઈન છે માટે કેબલ વાયરની માંગણી સતત કરીએ છીએ તો તેમાં પણ કોઈ કામ થતું નથી. છેલ્લા ૪ મહિનાથી તો લીલીયા સીટીનું મેન્ટેન્સ થયું નથી. લીલીયામાં કાંઈ પણ ફોલ્ટ આવે તો કોઈ દિવસ ગાડી લીલીયામાં હોતી જ નથી અને કોઈ હેલ્પર કાયમી લીલીયામાં નથી. રવિવાર હોય તો બધા કર્મચારી બહાર હોય અને લીલીયા શહેર રામ ભરોસે રહે છે.

તેમજ ૬૬ કે.વી.માં ટીપી આવે તો ૨ મીનીટમાં લાઈટ આપી દેવી જોઈએ. કારણ કે હીરા ઉદ્યોગની સરણની ફેરી જતી રહેતા મશીનરીમાં નુકસાની આવે છે. ૬૬ કે.વી.માં ટ્રીપીંગ આવ્યું હોય તો ૫ મીનીટની જેવી વાટ જોવી પડે છે. બીજા ફીડરના હિસાબે લીલીયા સીટી ૫ મીનીટ બંધ રાખવું યોગ્ય નથી. કારણ કે અહીયા હીરા ઉદ્યોગમાં તકલીફ પડે છે. અનેકવાર ૬૬ કે.વી.માં પણ ફોનથી જાણ કરવા છતાં કોઈ ધ્યાન દેતુ નથી તેમ અંતમાં જણાવેલ છે.

### રાજવી ડો. બારીન્દ્રભાઈ દેસાઈનાં જન્મદિવસે

## ચલાલા નજીકનાં ગોપાલગ્રામ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને ''રાઈટિગ પેડ'' વિતરણ કરાયા

**૧૮૧ વિદ્યાર્થીઓ ખુશખુશાલ થયા**





અમરેલી, તા.૧૫

ઢસાનાં પ્રજાવત્સલ રાજવી અનેસ્વાતંત્ર્યસેનાની પૂ. ભકિતબા અને પૂ. દરબાર ગોપાળદાસ દેસાઈનાં અમેરિકા સ્થિત સુપૂત્ર ગામનાં ગૌરવસતા વતનપ્રેમી વડીલ, ઉદારદિલ દાતા આદરણીય ડો. બારીન્દ્રભાઈ દેસાઈનાં ૯૫ વર્ષ પૂર્ણ થતાં તેમનાં જન્મ દિવસ અવસરે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટ ધ્વારા ગામમાં અભ્યાસ કરતાં સૌ વિદ્યાર્થીઓને કોઠી આઈસ્કીમ ખવડાવવામાં આવ્યો. તેમજ બાલવાટિકા તથા કુમાર–કન્યા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૧૮૧ વિદ્યાર્થીઓને લખવા માટે ઉપયોગી એવાં રાઈટિગ પેડ (એકઝામ પેડ)નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટનાં સેક્રેટરી કિર્તીકુમાર ભટ્ટ ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ, પ્રમુખ શંભુભાઈ વાડદોરિયાએ રાજવી પરિવારનાં ત્યાગ અને શિક્ષણપ્રેમથી વાતો કહી હતી. ટ્રસ્ટી વિપુલ ભટ્ટીએ ૯૫ વર્ષીય પ્રિન્સ ડો. દેસાઈ નિરામય સ્વાસ્થ્ય સાથે શતાયુ થાય એવી પ્રાર્થના કરી હતી.

દરબારગઢ ખાતે સાદગીપૂર્ણ રીતે યોજાયેલા આ કાર્યકમમાં ગ્રામ પંચાયતનાં ઉપસરપંચ ગૌતમભાઈ વાળા, સંસ્થાનાં શંભુભાઈ વાડદોરિયા, ચુનીભાઈ ગજેરા, રમણિકભાઈ ઠુમ્મર, દેવરાજભાઈ વાઘેલા, વિપુલ ભટ્ટી, ડો. વાળા સંજય વાડદોરિયા, શાળાનાં આચાર્ય–શિક્ષકો મેઘાબેન પંડયા, દેવેન ભટ્ટ, મોનિકા ડોબરિયા, રજનીકાંત દાફડા, દિવ્યાબેન અજાણી, શ્રદ્ધાબેન માધડ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ડો. દેસાઈ પરિવાર તાજેતરમાં વતનની મુલાકાત લીધો હોય, તેમની યાદમાં દરબાર ગઢમાં બાળકો કિલ્લોલ કરતાં જોવા મળ્યાં હતાં.

### ''આપ''નાં પ્રદેશ પ્રમુખ દ્વારા

## લાઠી વિધાનસભાનાં ''આપ''નાં સહપ્રભારી તરીકે એડવોકેટ કૌશિક ભરાડની વરણી

**પાર્ટીનાં સંગઠનને મજબુત કરવાનો નિર્ણય**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

રાજયમાં આમ આદમીની સરકાર બને તેના માટે મજબૂર સંગઠન હોવું અતિઆવશ્યક હોવાથી આમ આદમી પાર્ટી સંગઠન મજબૂત કરવાની દિશા તરફ આગળ વધી રહી છે ત્યારે અમરેલી જિલ્લાના પાંચ વિધાનસભાના પ્રભારી અને સહપ્રભારીની નિયુકિત પ્રદેશ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવી છે.

જેમાં લાઠી વિધાનસભાના પ્રભારી તરીકે ભુપતભાઈ વીરડીયા અને સહપ્રભારી તરીકે બાબરાના જાણીતા એડવોકેટ અને યુવા બ્રહ્મસમાજના અગ્રણી કૌશિક ભરાડની નિયુકિત કરવામાં આવતા સમગ્ર લાઠી વિધાનસભા આમ આદમી પાર્ટી દ્વારા આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

બ્રહ્મસમાજના યુવા અગ્રણી કૌશિક ભરાડની આમ આદમી પાર્ટી દ્વારા લાઠી વિધાનસભાના સહ પ્રભારી જેવડી મોટી અને મહત્વની જવાબદારી આપવામાં આવતા યુવા બ્રહ્મસમાજના તમામ અગ્રણીઓ દ્વારા અભિનંદન શુભેચ્છાઓ પાઠવી હતી.

### ધારાસભ્ય તળાવીયા દ્વારા

## લાઠી ખાતે ડો. બાબાસાહેબની જન્મ જયંતીએ પુષ્પાજંલિ અર્પણ

**કાર્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો**



અમરેલી, તા. ૧૫

લાઠી – બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના કાર્યાલય ખાતે ડો.બાબા સાહેબ આંબેકડરની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ડો.આંબેકડરના જીવન અને તેમના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

સમાજના વિવિધ વર્ગોનાં લોકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણીમાં યુવાનો, વડીલો અને બાળકો સહિત મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

## અમરેલી : તા. ૧૯ એપ્રિલે નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે

અમરેલી, તા.૧૫

આગામી તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાનાર આ બેઠકમાં, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોની સમીક્ષા થશે, તેમ અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના સભ્ય સચિવ અને અમરેલી જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### જિલ્લા ભાજપ લઘુમતી મોરચા દ્વારા

## અમરેલીના સીનિયર સિટીઝન પાર્ક ખાતે ડો. બાબાસાહેબની શોભાયાત્રાનું સ્વાગત કરાયુ

**પ્રમુખ રજાકભાઈ, કારોબારી સભ્ય રાજુભાઈ મિલન જોડાયા**





અમરેલી, તા.૧૫

બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મ જયંતી નિમિત્તે ચિત્તલ રોડ સીનીયર સીટીઝન પાર્ક ખાતે રેલી સ્વરૂપે આવતા ભાઈઓનું અમરેલી જિલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ રજાકભાઈ કચરા પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ મિલન અમરેલી જિલ્લા લઘુમતી મોરચાના મંત્રી નકવી મોહમ્મદ કાસીમ અક્રમભાઈ તથા શાહરૂખ ભાઈ તથા સૈયદ અબરારબાપુ તથા નિઝામ બાપુ તથા મહેબૂબ ભાઈ કુરેશી તથા પરવેશભાઈ રફાઈ સર્વોએ રેલીનુ પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ હતું.

### ડીડીઓ અને આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શનતળે

## સાવરકુંડલાનાં વાંશિયાળી, સીમરણ અને કેરાળા આયુષ્યમાન આરોગ્ય કેન્દ્રની ઉમદા કામગીરી

**NQAS External Assessment પાસ કરી**

અમરેલી, તા.૧૫

ગુજરાત અનોખી ગતિથી અને એક સાચી દિશામાં જયારે પ્રગતિ કરી રહ્યુ છે. ત્યારે સમાજના છેવાડાના માનવીને આરોગ્યની સેવાઓ તમામ લોકોને પોષાય તેવી અને રાષ્ટ્રીય સ્તરના માપદંડ નેશનલ કવાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) મુજબની ગુણવતા સભર સેવાઓ ઉપલબ્ધ થાય અને માળખાગત સુવિધાઓ તથા તમામ સેવાઓનો વ્યાપ વધે અને અનુકુળ, વિશ્વસનીય, સેવાકીય, સુરક્ષિત અને પ્રદુષણ મુકત વાતાવરણ મળે તે હેતુથી રાજયમાં NQAS શરૂ કરેલ છે.

ભારત સરકાર દ્વારા નેશનલ કવાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) પ્રોગ્રામ અંતર્ગત ડીસેમ્બર–૨૦૨૫ સુધીમાં ૫૦% થી વધુ NQAS Certificationની કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું લક્ષાંક આપવામાં આવેલ છે.

અમરેલી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ જોષીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા તાલુકાના આયુષ્યમાન આરોગ્ય મંદિર વાશિયાળી, સિમરણ અને કેરાળાએ નેશનલ કવાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) માટેનું NQAS External Assessment પાસ કરી અમરેલી જિલ્લાનું નામ ગૌરવવીંત કરેલ છે. તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવે છે.

# અમરેલી ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતીએ જબ્બરો ઉત્સાહ જોવા મળ્યો









અમરેલી ગત તા.૧૪ મી એપ્રિલના રોજ ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતી સમિતિ તથા સમસ્ત અનુ.જીત સમાજ અમરેલી તેમજ એસ.એસ.ડી દ્વારા અમરેલી શહેરમાં ડો.બાબા સાહેબ આંબેડકરની ભવ્ય અને વિશાળ શોભાયાત્રા રંગે ચંગે તેમજ ઉર્ષાઉલ્લાસથી ઉજવવામાં આવી હતી. તા.૧૩/૪/૨૦૨૫ના રાત્રીના ૧૨ વાગ્યે ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રિતીમાં સમક્ષ કેક કાપી તમેજ ભવ્ય આતશબાજી કરી અનુ.જાતિ સમાજના મોટી સંખ્યામાં યુવાનો, આગેવાનોએ હાજર રહી ઉજવણીની શરૂઆત કરવામાં આવી. તા.૧૪ના ભારતરત્ન ડો.બાબાસાહબે આંબેડકરની સમાજવાડી અમરેલીથી વિશાળ સંખ્યામાં અનુ.જાતિના આગેવાનો, યુવાનો, બાળકો, માતાઓ, બહેનોએ પગેચાલીને તથા શિવાળ ફોરવ્હી, ટુવ્હીલના કાફલા સાથે ભવ્ય રેલીની શરૂઆત સવારે ૯ વાગ્યે કરવામાં આવેલ સમગ્ર રેલી દરમ્યાન શહેરમાં આવેલ મહાપુરૂષો શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, સયાજીરાવ ગાયકવાડ, શ્રી હરિરામબાપા, શ્રી ભોજલરામ બાપા, શ્રી મુળદાસ મહારાજ તથા અમરેલીના પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને સર્વો આગેવાનો, કે.કે. વાળા, લક્ષ્મણભાઈ બગડા, જે.પી. પડાયા, રામજીભાઈ ચાવડા વિગેરેએ ફુલોનાં હાર પહેરાવી સન્માન કરેલ. તેમજ વિશાળ રેલીમા તોપ દ્વારા ડો. બાબા સાહેબના રથ ઉપર ગુલાલના પુષ્પો દ્વારા પુષ્પ વર્ષા કરવામાં આવેલ અને શહેરનાં રાજમાર્ગો ઉપર શોભાયાત્રા ફરેલ અને રેલીની સાથે સમતા સૈનિક દળના સૈનિકોએ ડ્રેસ કોડમાં અમરેલી શહેરના રાજમાર્ગો ઉપર માર્ચપાસ કરી અને ડો. બાબાસાહેબની પ્રતિમાને મહાસલામી આપી સન્માનીત કરેલ. બાદમાં રેલી જીમખાનાના ગ્રાઉન્ડમાં ધર્મસભાના રૂપમાં રેલી ફેરવાઈ હતી. સભામાં ભંતેજી તથા રૂષિભારતીબાપુએ તથા સમિતિના ટ્રસ્ટીઓ, મંત્રીઓ અને આગેવાને કે.કે. વાળા, લક્ષ્મણભાઈ બગડા, ભરત કાતરીયા, વસંત ચાવડા, સમતા સૈનિકદળના અધ્યક્ષ ડી.કે. મકવાણા, ભનભુાઈ ચૌહાણ તથા અન્ય આગેવાનોએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરેલ બાદમાં અમરેલી શહેર અનુ.જાતિ દ્વારા ભોજન વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ કે.કે. વાળા, મહામંત્રી લક્ષ્મણભાઈ બગડા, ભીસેના સદસ્યો જે.પી. પડાયા, ભીખભાઈ હેલૈયા, રામજીભાઈ ચાવડા, કરશનભાઈ ડાભી, મનોજભાઈ રાઠોડ, હિમાશુંભાઈ ચાવડા, મગનભાઈ દાફડા, હિતેશ સોલંકી, નવચેન પરમાર, વિક્કી ચાવડા, કિશન વાળા, નરસિંહભાઈ બારોટ, ભરતભાઈ બારોટ, એમ.કે. બગડા, ધીરૂભાઈ ચૌહાણ તથા સાથીમિત્રો એ.ટી. કર્મચારીઓ લઘુમતિ સેલ ભગુભાઈ સોલંકી, બાબુભાઈ પરમાર, રામજીભાઈ ચાવડા, વિરજીભાઈ ખેતરીયા, જયસુખભાઈ ચાવડા, નવચેન પરમાર, વિક્કીભાઈ ચાવડા, જિતેન્દ્ર પ્રયદર્શી, રસીકભાઈ પરમાર, સાગર ચાવડા, મુકેશ ગોહીલ, કેશુભાઈ ગોહીલ, મગનભાઈ માધડ, વસંત ચાવડા, ભરતભાઈ કાતરીયા, મધુભાઈ ચાવડા, દેવજીભાઈ દાફડા, પોપટભાઈ ચાવડા, ગોપાલભાઈ ચૌહાણ, દિનેશભાઈ પરમાર, કાળુભાઈ પરમાર, હિરાભાઈ મકવાણા, મોહનભાઈ બગડા, શૈલેષભાઈ સોલંકી, રામચંદ્ર સોલંકી, જાદવભાઈ યાદવ, શરદ મકવાણા, ભોજાભાઈ પડાયા, કસુલભાઈ બગડા, પરેશભાઈ દાફડા વિગેરે ભીમસેનાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રમુખ કે.કે. વાળા તથા મહામંત્રી લક્ષ્મણભાઈ બગડાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

## અમરેલીનાં બસપોર્ટમાં સમી સાંજે ચકલું પણ ફરકતું નથી

# કરોડોનાં ખર્ચે એસ.ટી. બસપોર્ટ બન્યુ ને મુસાફરો થયા ગાયબ

**સાંજના ૭ વાગ્ય બાદ અનેક બસો તો આવે છે પણ મુસાફરોનાં અભાવે ચકકર મારીને રવાના**

**એક તરફ કાળઝાળ મોંઘવારી બીજી તરફ બેરોજગારી અને અધુરામાં પુરૂ ખાનગી વાહનોનાં કારણે હાલત ખરાબ**

**શાકભાજીથી લઈને સોનાનાં ભાવમાં સતત વધારાથી ગરીબ અને મધ્યમવર્ગ પણ પરેશાન**

**મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર નામની બલ્લાએ કરોડો નાગરિકોને ચુંગાલમાં લીધા છે**







અમરેલી, તા. ૧૫

અમરેલી ખાતે અંદાજિત ૪૫ કરોડનાં ખર્ચે એરપોર્ટ જેવું રૂપાળુ નામ ધરાવતું એસ.ટી. બસ પોર્ટ બનાવાયું પણ સમી સાંજે દરરોજ મુસાફરો પોર્ટમાં દેખાતા નથી. બસ પ્લેટફોર્મ ઉપર આવીને ખાલી રવાના થઈ રહી હોય એસ.ટી.નાં અધિકારીઓ પણ સુમસામ પોર્ટથી ચિંતિત બન્યા છે.

એક તરફ કારમી મોંઘવારી, દિનપ્રતિદિન વધતી મોંઘવારી, ચારે દિશાઓમાં ફેલાયેલ ભ્રષ્ટાચારનાં માહોલમાં શાકભાજીથી લઈને સોનાના ભાવો સતત વધતા ગરીબ ઉપરાંત મધ્યમવર્ગની આર્થિક હાલત અતિ દયનીય બની ગઈ હોય આમ આદમી ખર્ચ કરતાં પહેલા ૧૦૦ વાર વિચાર કરતો થઈ ગયો છે.

આજે દેશમાં કરોડો નાગરિકો ક્રેડિટકાર્ડની કે સોનાનાં દાગીના સામે લોન લે અથવા તો ઉધાર-ઉછીના કરીને જીંદગી પસાર કરી રહ્યા હોય તેવા સમયે બસ પોર્ટમાં ચકલું ન ફરકે તે પણ સ્વાભાવિક છે.

### ''એન્થમ કરાઓકે''નાં પાંચ વર્ષ પૂર્ણ થતા

## અમરેલીનાં ટીપટોપ પ્લાઝા ખાતે સંગીતમય કાર્યક્રમ યોજાયો

**૨૫ થી વધુ કલાકારોએ જમાવટ કરી**



અમરેલી, તા. ૧૫

અમરેલીમાંઆવેલએન્થમ કરાઓકે ગ્રુપદ્વારાપાંચવર્ષ પૂર્ણકરીછઠ્ઠા વર્ષના મંગલ પ્રવેશ વખતે તા.૧૩/૪/૨૫નારોજટીપટોપપ્લાઝમા શહેરનાઆમંત્રિતમહેમાનોનીહાજરીમાં ક્લબનાર૫થીવધુકલાકારભાઈઓઅને બહેનોનીહાજરીમાંઅદભુતસંગીતઅને ગીતોનોકાર્યક્રમયોજયો. સંચાલકસુરેશ સોંદરવાએ સ્વાગત અને કાર્યક્રમની માહિતી આપી શરૂઆત કરી. ક્લબના સભ્ય અને કલાકાર દ્વારા દીપ પ્રાગટ્ય. સરસ્વતી વંદના કરી. રીબીન કાપી કાર્યક્રમને ખુલ્લો કરવામાં આવ્યો ઉલ્લાસભેરસૌએવધાવી. નાચગાનગીતો સાથેશરૂઆતકરીઅનેચારેબાજુઆનંદ થયો.

અને પછી તો એક પછિ એક એકએકથીચડિયાતાduetગીતોકલાકાર ભાઈ બહેનોએ રજૂ કર્યા સાથોસાથ નાચગાનરમઝટોથીખરીજ. સાથોસાથ કલાકારોના વિવિધ પ્રકારના ગીતો અને તેમાંવિવિધપ્રકારનાપરિવેશએપ્રેક્ષકોમાં વિશિષ્ટછાપછોડીગયું. વાહવાહonce moreની ગુંજ હોલમાં છવાઈ ગઈ. anthemને માટેતોએકપ્રસંગહોયએવું લાગ્યુંઅનેઆવેલમહેમાનોપણતલ્લિન થઈ ગયા. અમરેલી શહેરના અનેક હોદ્દેદારો, પ્રમુખ, સદસ્યો તથા નામાંકીત કલાકારો પણ હાજર હતા. અનેક લોકો મિત્રોએ આગેવાનોએ સુરેશ સોંદરવાને ભેટ સોગતો આપી. સન્માન કર્યું. અભિવાદન કર્યું. સરસ મજાના ભોજન રસાસ્વાદ કરાવ્યો. બીજોદોર Soloગીત ગાઈ ભરપૂરઆનંદમનોરંજનનાચગાન નૃત્યો કપલ ગણ નૃત્યથી સમગ્ર વાતાવરણમાંઆનંદઉલ્લાસપ્રસરીગયો. અનેબપોરના૧:૩૦થી૧૦ફ૩૦રાતના સુધીસંગીતમયઅવિરતપ્રવાહવહેતોજ રહ્યો. અનેએકજવાતપ્રસરીગઈ. East hoya West..Anthem is best......

### ૩ વર્ષમાં બબ્બે વખત માર્ગ બનતાં ભારે આશ્ચર્ય

# હે રામ : અમરેલીનાં ગાયત્રી મોક્ષધામથી સાવરકુંડલા રેલ્વે ફાટક સુધીનો માર્ગ બનાવવામાં લાખો રૂપિયાની ગોલમાલ

**તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ તટસ્થ તપાસની કરી માંગ**

અમરેલી, તા. ૧૫

તાજેતરમાં જ માર્ગ અને મકાન વિભાગ (રાજય) પેટા વિભાગ નંબર-૧ દ્વારા અમરેલી જેસીંગપરાના બેઠેલા પુલ પાસેથી ગાયત્રી મોક્ષધામ સાવરકુંડલા ફાટક સુધીના રોડનું કામ શરૂ કરવામાં આવ્યું છે, આ કામ અંદાજે ૨ (બે) કરોડ રૂપિયાનું છે, ખરેખર તો આ વિભાગ દ્વારા આ રોડનું કામ વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં કરવામાં આવ્યું હતું અને તેનો ગેરંટી પિરિયડ ૫/૭/૨૦૨૩ સુધીનો હતો, જો વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં આ રોડ બનાવવામાં આવ્યો હોય તો માત્ર એક જ વર્ષનો ગેરંટી પિ રિ યડ કઈ રીતે હોઈ શકે ? આ રોડ કયાંય પણ તૂટેલો નહોતો અને સારી પરિસ્થિતિમાં હોવા છતાં પણ નાયબ કાર્ય પાલકની મનમાનીના લીધે લોકોના ટેક્સના પૈસાનો ખોટો વેડફાટ કરવા માટે નાયબ કાર્ય પાલકે અંદાજે ૨ (બે) કરોડ રૂપિયાના ખર્ચે નવો રોડ મંજૂર કરાવીને નવો રોડ બનાવવાનું કામ એજન્સી પાસે શરૂ કરાવ્યું છે, આમ નાયબ કાર્ય પાલકની મનમાની અને એજન્સી સાથેની સાંઠગાંઠના લીધે લોકોના ટેક્સના પૈસાનો વેડફાટ અટકાવવા માટે અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ વિજિલન્સ તપાસની માંગ કરી છે.

## લીલીયા મોટા ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી



લીલીયા મોટા, તા. ૧૫

લીલીયા મોટા ખાતે ડો.બાબાસાહેબઆંબેડકરની ૧૩૪મી જન્મજયંતીનીધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી લીલીયા મોટા બાબા સાહેબ આંબેડકર વોલથી ભવ્ય રેલીનું આયોજન કરાયું હતું જે રેલી લીલીયાની મુખ્ય બજારોમાં જય ભીમના નાદ સાથે ફરી હતી લીલીયા જાણે ભીમ મય બની ગયુંહતુંત્યાર બાદ સ્ટેશન રોડ પર આવેલ બાબા સાહેબ આંબેડકર પ્રતિમા તથા લાઠી રોડ ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાંને ફુલહાર આ તકે કરવામાં આવેલ ત્યાર બાદ મુસ્લિમ સમાજ દ્વારા શરબતની વ્યવસ્થા કરવામાં આવેલ અને ત્યારબાદ રેલી બાબાસાહેબઆંબેડકરહોલખાતેસમગ્ર શહેરમાંફરી પરત આવેલ ત્યાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સામાજિક જાગૃતિ તથા પે બેક ટુ સોચાઈટી અને મુવમેન્ટ બાબતે મિટિંગ કરવામાં આવી લીલીયા તથા લીલીયા તાલુકાના આગેવાનો યુવાનો વડીલોભાઈઓ બહેનો મિશનરી ભાઈઓ બહેનો તેમજ રાજકીય આગેવાનો આ તકે હાજર રહેલ સમગ્ર કાર્યક્રમ ડો બાબાસાહેબ આંબેડકર યુવા ગ્રુપ લીલીયા તાલુકા દ્વારા યોજવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત **ગુલાબજાંબુ**

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર **ખજુરની ચટણી ફ્રી**

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી સ્પે. આઈટમ **ફરાળી ચટણી**

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




### રામ મંદિરમાં પ્રવેશને લઈને વિવાદ

# મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશને લઈને બે સમુદાયો વચ્ચે મોટો વિવાદ થયો

**લગભગ બે કલાક સુધી ચાલેલા આ વિવાદ બાદ પોલીસે વરરાજા અને તેના પરિવારને મંદિરની અંદર દર્શન કરવાની મંજૂરી આપી હતી**

ઈન્દોર,તા.૧૫

એક દલિત વરરાજાના મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશને લઈને બે સમુદાયો વચ્ચે મોટો વિવાદ થયો હતો. લગભગ બે કલાક સુધી ચાલેલા આ વિવાદ બાદ પોલીસે વરરાજા અને તેના પરિવારને મંદિરની અંદર દર્શન કરવાની મંજૂરી આપી હતી.

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક દલિત વરરાજાના રામ મંદિરમાં પ્રવેશને લઈને વિવાદ થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે, બંને સમુદાયના લોકો આમને-સામને આવી ગયા હતા,

ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટના બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મજયંતીના દિવસની છે. ઘટના બાદ, ઘટનાસ્થળે પહોંચેલા વરરાજાએ પોલીસ સુરક્ષા વચ્ચે મંદિરમાં પૂજા કરી હતી.

ઈન્દોરના મહુના બલાઈ સમુદાયનો એક વરરાજા તેના સંબંધીઓ અને વરઘોડા સાથે ૨૫ કિમી દૂર સંઘવી ગામમાં સ્થિત મંદિરમાં પહોંચ્યો હતો. આ સમય દરમિયાન, મંદિરમાં પૂજા કરવા અંગે તેમનો કેટલાક ઉચ્ચ જાતિના લોકો સાથે વિવાદ થયો હતો. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં વરરાજા મંદિરની બહાર ઊભો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન, અન્ય જાતિના લોકો લગ્ન પક્ષ સાથે દલીલ કરતા જોવા મળે છે. જોકે, પોલીસે વરરાજાને મંદિરમાં પ્રવેશતા અટકાવવાનો ઈનકાર કર્યો છે.

આ કેસની માહિતી આપતાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દલિત વરરાજાને સંઘવી ગામના રામ મંદિરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યો ન હતો. તેના બદલે, આ વિવાદ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ અંગે હતો. સ્થાનિક પરંપરાઓ અનુસાર, ફક્ત પૂજારીઓ જ ગર્ભગૃહમાં પ્રવેશ કરી શકે છે. પોલીસે કહ્યું છે કે, દલિત વરરાજાના મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ અંગે સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવી રહેલી અફવા માત્ર અફવા છે. વરરાજાએ તેના પરિવાર સાથે પોલીસની હાજરીમાં મંદિરમાં પૂજા કરી હતી. સમગ્ર મામલા પર લગભગ બે કલાકની ચર્ચા બાદ, પોલીસે પરિસ્થિતિ સમજાવીને બધાને શાંત પાડ્યા હતા. જે બાદ પોલીસે વરરાજા અને તેના પરિવાર માટે દર્શન અને પૂજાની વ્યવસ્થા કરી હતી. આ પછી લગ્નનો વરઘોડો શાંતિપૂર્ણ રીતે તેના ગંતવ્ય સ્થાન તરફ રવાના થયો હતો.

### BCCIએ જાહેર કર્યું શેડ્યૂલ

# આઈપીએલ પછી ભારતીય ટીમ જશે બાંગ્લાદેશના પ્રવાસે

**ભારતની હોમ સીઝનની શરૂઆત ૨ ઓક્ટોબરે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીથી થશે**

નવી દિલ્હી,તા.૧૫

ટીમ ઈન્ડિયાને આઈપીએલ ૨૦૨૫ પછી ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાની છે, જ્યાં બંને ટીમો વચ્ચે ૫ ટેસ્ટ મેચ રમાશે. આ પછી ભારતીય ટીમ વનડે અને ટી-૨૦ શ્રેણી માટે બાંગ્લાદેશના પ્રવાસે જશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ પ્રવાસ માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ટીમ ઈન્ડિયાનો આ પ્રવાસ ૧૭ ઓગસ્ટથી શરૂ થશે અને છેલ્લી મેચ ૩૧ ઓગસ્ટે રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પછી ટીમ ઈન્ડિયાની આ પહેલી સફેદ બોલની શ્રેણી હશે.

ભારતની ડોમેસ્ટિક સિઝન ઓક્ટોબર મહિનામાં શરૂ થશે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ભારતનો પ્રવાસ કરશે. ભારતની હોમ સીઝનની શરૂઆત ૨ ઓક્ટોબરે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીથી થશે, ત્યારબાદ તેઓ નવેમ્બર-ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામે બે ટેસ્ટ, ત્રણ વનડે અને પાંચ T૨૦I મેચ રમશે.

ભારત બે ઘરઆંગણાની શ્રેણી વચ્ચે ઓસ્ટ્રેલિયામાં ત્રણ વનડે અને પાંચ ટી-૨૦ મેચ રમશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ મહિનાની શરૂઆતમાં શ્રેણીના શેડ્યૂલની જાહેરાત કરી હતી, જેમાં ૧૯ ઓક્ટોબરથી ODI અને ૨૯ ઓક્ટોબરથી T20I રમાશે.

ભારત અને બાંગ્લાદેશ શ્રેણી ૨૦૨૫

ભારત દૃજ બાંગ્લાદેશ ODI શ્રેણી શેડ્યૂલ

૧લી ODI – ૧૭ ઓગસ્ટ, રવિવાર – મીરપુર

૨જી ODI – ૨૦ ઓગસ્ટ, બુધવાર – મીરપુર

ત્રીજી ODI – ૨૩ ઓગસ્ટ, શનિવાર – ચટગાંવ

ભારત vs બાંગ્લાદેશ T૨૦ શ્રેણી શેડ્યૂલ

૧લી T૨૦ – ૨૬ ઓગસ્ટ, મંગળવાર – ચિત્તાગોંગ

બીજી T૨૦ – ૨૯ ઓગસ્ટ, શુક્રવાર – મીરપુર

ત્રીજી T૨૦ – ૩૧ ઓગસ્ટ, રવિવાર – મીરપુર

### સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાને સમન્સ જારી કર્યા

# રોબર્ટ વાડ્રાને લેંડ ડીલમાં EDનું તેડું, પ્રિયંકા પર ઉઠ્યા સવાલો

**સમગ્ર મામલાથી વાકેફ લોકોનું કહેવું છે કે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે અધિકારીઓનું કહેવું છે**

નવી દિલ્હી,તા.૧૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાને સમન્સ જારી કર્યા છે. તેઓ પૂછપરછ માટે ઈડ્ઢ ઓફિસ પણ પહોંચી ગયા છે. આ દરમિયાન વાડ્રાએ કહ્યું કે અમે કંઈપણ માટે તૈયાર છીએ. જ્યારે હું લઘુમતીઓ માટે બોલું છું, ત્યારે અમને દબાવવામાં આવે છે. રાહુલને સંસદમાં દબાવી દેવામાં આવે છે. તેમણે કહ્યું કે હું જે પણ કરું છું તેમાં દબાણ હોય છે. ગુરુગ્રામના શિકોપુર ગામમાં જમીન સોદાના સંદર્ભમાં વાડ્રાને આ સમન્સ જારી કરવામાં આવ્યું છે. સમગ્ર મામલાથી વાકેફ લોકોનું કહેવું છે કે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે આ કેસમાં વાડ્રાને પહેલી વાર બોલાવવામાં આવ્યા છે. હરિયાણા પોલીસે ૨૦૧૮ માં આ કેસમાં FIR નોંધી હતી.

આ કેસ ફેબ્રુઆરી ૨૦૦૮ ના એક જમીન સોદા સાથે સંબંધિત છે, જે હેઠળ રોબર્ટ વાડ્રાની કંપની સ્કાય લાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડે ગુરુગ્રામના શિકોપુર ગામમાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. આ જમીન ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયા ચૂકવીને હસ્તગત કરવામાં આવી હતી. એવો આરોપ છે કે આ કિસ્સામાં પરિવર્તનની પ્રક્રિયા એટલે કે દાખિલ ખારીજ ૨૫ કલાકમાં પૂર્ણ થઈ ગઈ હતી. ઈડ્ઢના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ કેસમાં રોબર્ટ વાડ્રા પાસેથી નાણાકીય વ્યવહારોની વિગતો લેવી પડશે. એટલા માટે તેમને સમન્સ જારી કરવામાં આવ્યા છે.

આ ચાર્જશીટમાં ભાગેડુ હથિયાર વેપારી સંજય ભંડારી અને બ્રિટિશ નાગરિક સુમિત ચઢ્ઢા વિરુદ્ધ માહિતી આપવામાં આવી હતી. આમાં કહેવામાં આવ્યું હતું કે રોબર્ટ વાડ્રા અને પ્રિયંકા ગાંધીએ હરિયાણામાં અનેક એકર જમીન ખરીદી હતી. આ સોદો દિલ્હીના એક રિયલ એસ્ટેટ એજન્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ જ એજન્ટે NRI ઉદ્યોગપતિ સીસી થમ્પીને પણ જમીન વેચી હતી. ત્યારે એજન્સીએ વાડ્રા અને પ્રિયંકાના નામ આરોપી તરીકે દાખલ કર્યા ન હતા. પરંતુ થંપી અને વાડ્રા વચ્ચેના સંબંધ વિશે માહિતી આપવા માટે ચાર્જશીટમાં જમીન સોદાનો ચોક્કસપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. થમ્પીની જાન્યુઆરી ૨૦૨૦ માં ધરપકડ કરવામાં આવી હતી. તેણે ઈડ્ઢ ને કહ્યું હતું કે તે વાડ્રાને ૧૦ વર્ષથી ઓળખે છે. થમ્પીએ કહ્યું કે સોનિયા ગાંધીના પીએએ મને રોબર્ટ વાડ્રા સાથે પરિચય કરાવ્યો હતો. આ પછી, તે દિલ્હીથી યુએઈ સુધી ઘણી વખત વાડ્રાને મળ્યો. એજન્સીનો દાવો છે કે થમ્પીએ ૨૦૦૫ થી ૨૦૦૮ દરમિયાન ફરીદાબાદના અમીપુર ગામમાં ૪૮૬ એકર જમીન ખરીદી હતી. આ સોદો NCR સ્થિત પ્રોપર્ટી એજન્ટ HL પાહવા દ્વારા કરવામાં આવ્યો હતો. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે રોબર્ટ વાડ્રાએ અમીપુર ગામમાં ૪૦ એકર જમીન પણ ખરીદી હતી. આ જમીન પાહવા પાસેથી ખરીદવામાં આવી હતી અને પછી ૨૦૧૦ માં તેમને વેચી દેવામાં આવી હતી. આ ઉપરાંત, એપ્રિલ ૨૦૦૬ માં પ્રિયંકા ગાંધીના નામે ૫ એકર જમીન પણ ખરીદવામાં આવી હતી અને તે ૨૦૧૦ માં પાહવાને વેચી દેવામાં આવી હતી. રોબર્ટ વાડ્રાના નામે લંડનમાં એક પ્લોટ પણ છે, જેના વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે થમ્પીએ તેને ખરીદવામાં મદદ કરી હતી.

### ૧૫ દિવસમાં નવી પોલિસી જાહેર કરાશે

# દેશભરમાંથી હટાવાશે ટોલ પ્લાઝા, નીતિન ગડકરીની જાહેરાત

**જમીન અધિગ્રહણ કરવા માટે કાયદાકીય પ્રક્રિયા અને પારિવારિક ઝઘડાના કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો છે**

નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દેશભરના પ્રવાસીઓને ટોલ પ્લાઝામાંથી રાહત આપવા માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે, 'દેશભરમાંથી ટોલ પ્લાઝા હટાવવા માટે કેન્દ્ર સરકાર ઝડપી કામગીરી કરી રહી છે અને ટૂંક સમયમાં નવી ટૉલ પોલિસી રજૂ કરવામાં આવશે.

ગડકરીએ મુંબઈના દાદરમાં આયોજીત એક કાર્યક્રમમાં કહ્યું કે, આગામી ૧૫ દિવસમાં નવી પોલિસીની જાહેરાત કરવામાં આવશે. જોકે તેમણે પોલિસીની માહિતી આપવાનો ઈક્રાર કરી દીધો છે, પરંતુ આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, નવી પોલિસી જાહેર થતાં જ ટૉલ સંબંધીત તમામ ફરિયાદો ખતમ થઈ જશે.

આ સાથે કેન્દ્રીય મંત્રીએ મુંબઈ-ગોવા હાઈવેની કામગીરી અંગે વિશ્વાસ સાથે કહ્યું કે, 'આ હાઈવે જૂન-૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ બનીને તૈયાર થઈ જશે. ત્યારબાદ હાઈવે પરથી રોજબરોજ પસાર થતા પ્રવાસીઓ, ખાસ કરીને કોંકણ વિસ્તારના લોકોને મોટી રાહત મળશે.' તેમણે એમ પણ કહ્યું કે, આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે.

જમીન અધિગ્રહણ કરવા માટે કાયદાકીય પ્રક્રિયા અને પારિવારિક ઝઘડાના કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો છે. આ ઉપારંત અનેક મામલાઓમાં વળતર ચૂકવવામાં સમસ્યા થઈ, જેના કારણે નિર્માણ કાર્ય અટકતું રહ્યું હતું. જોકે હવે આ તમામ અડચણો દૂર થઈ ગઈ છે અને પુરજોશમાં કામગીરી ચાલી રહી છે.

# અમદાવાદ : જાહેર રજાના દિવસે આનંદ નિકેતન સ્કૂલ ચાલુ રહેતા DEO આકરા પાણીએ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં આંબેડકર જયંતિની જાહેર રજાના દિવસે સ્કૂલ ચાલુ રખતા જિલ્લા શિક્ષણ અધિકારીએ સ્કૂલને નોટીસ ફટકારી હતી. તે ઉપરાંત સ્કૂલ ચાલુ રાખવા મુદ્દે ખુલાસો પણ માગવામાં આવ્યો હતો. જો સ્કૂલ ખુલાસો નહીં આપે તો મોટા દંડની કાર્યવાહી કરવાની જિલ્લા શિક્ષણ અધિકારીએ ચીમકી ઉચ્ચારી હતી. પ્રતિ વિદ્યાર્થી દીઠ ૧૦ હજારનો દંડ કેમ ના કરવો તે અંગેની સ્કૂલને નોટીસ મોકલવામાં આવી હતીરજાના દિવસે આનંદ નિકેતન સ્કૂલ ચાલુ રખાઈ

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગઈકાલે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિની જાહેર રજાના દિવસે અમદાવાદમાં આનંદ નિકેતન સ્કૂલ ચાલુ હોવાની જિલ્લા શિક્ષણ અધિકારીને માહિતી મળી હતી. રજાના દિવસે સ્કૂલના સંચાલકોએ વિદ્યાર્થીઓને સ્કૂલમાં બોલાવતા વાલીઓમાં અનેક સવાલો ઉભા થયા હતાં. આ અંગે ડીઈઓને જાણ થતાં જ તેઓ આકરા પાણીએ જોવા મળ્યા હતાં.

જિલ્લા શિક્ષણ અધિકારીએ આનંદ નિકેતન સ્કૂલને એક નોટીસ ફટકારી હતી. જેમાં જાહેર રજાના દિવસે શૈક્ષણિક કાર્ય કેમ ચાલુ રાખવામાં આવ્યું તેનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. સ્કૂલ દ્વારા કોઈ ખુલાસો નહીં કરવામાં આવે તો પ્રતિ વિદ્યાર્થી દીઠ ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવાની જિલ્લા શિક્ષણ અધિકારીએ તૈયારી કરી હતી. સ્કૂલને આખરી નોટીસ આપીને આ દંડ કેમ ના કરવો જોઈએ તેનો પણ ખુલાસો માંગવામાં આવ્યો છે. જો સ્કૂલ ખૂલાસો નહીં આપે તો કાર્યવાહી કરવામાં આવશે એવું જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું.

### નિરાકરણ ના આવે તો આંદોલનની ચીમકી

# વકીલોએ શહેરમાં રેલી કાઢીને UCC કાયદાનો વિરોધ કર્યો

**વકીલોએ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું**

વડોદરા,તા.૧૫

ગુજરાતમાં કોમન સિવિલ કોડ કાયદો લાગુ કરવા સામે વાંધા સૂચનો રજૂ કરવા અંગેનો આજે છેલ્લો દિવસ હતો. આ દરમિયાન વડોદરામાં વકીલોએ આ કાયદાનો વિરોધ કર્યો હતો. વડોદરા કોર્ટથી લઈને કલેક્ટર કચેરી સુધી પગપાળા રેલી યોજીને સુત્રોચ્ચાર કર્યા હતાં.શહેરના વકીલો બેનરો અને પોસ્ટરો લઈને રેલીમાં જોડાયા હતાં. કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. જો કોઈ નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં કોમન સિવિલ કોડ કાયદો લાગુ કરવાના વિરોધમાં વકીલોએ રેલી કાઢી હતી. વડોદરા કોર્ટથી કલેક્ટર કચેરી સુધી રેલી યોજી હતી. આ રેલીમાં બેનરો અને પોસ્ટરો સાથે વકીલો જોડાયા હતાં. વકીલોએ ભારે સુત્રોચ્ચાર કરીને કોમન સિવિલ કોડ કાયદાનો વિરોધ કર્યો હતો. આ રેલીમાં મુસ્લિમ અને દલિત સમાજના વકીલો પણ જોડાયા હતાં. વકીલોએ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

જિલ્લા કલેક્ટરને આવેદન આપીને વકીલોએ તેમની રજૂઆત કરી હતી. વકીલોએ બે દિવસનું અલ્ટિમેટમ આપ્યું હતું. જો બે દિવસમાં નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. વકીલો દ્વારા આપવામાં આવેલા આવેદન અંગે કલેક્ટરે ઉચ્ચ સ્તરે રજૂઆત પહોંચાડવાની બાંહેધરી આપી હતી. વડોદરામાં વકીલોની રેલીમાં ઉગ્ર સુત્રોચ્ચાર થયા હતાં.યુસીસીનો કાયદો રદ કરો જેવા નારા લાગ્યા હતાં.

# ધારી ખાતે ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૪ જન્મ જયંતીની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ















ધારી ડો. ભીમરાવ આંબેડકર સાહેબની ૧૩૪મી જિલ્લા કક્ષાની જન્મ જયંતીનું આયોજન ધારીમાં સંપન્ન થયું છે. અમરેલી જિલ્લા સામાજિક ન્યાય સમિતિ તેમજ ધારી તાલુકા સામાજિક ન્યાય સમિતિના ઉપક્રમે માતૃકૃપા સખી મંડળ આયોજિત આ કાર્યક્રમને અનેકવિધ રચનાત્મક પ્રસંગોથી આકર્ષક રીતે ઉજવવામાં આવેલ હતો. ડો. બાબાસાહેબના સ્ટેચ્યુથી ફુલહાર કરી ધારીના રાજમાર્ગો પરથી ડીજેના તાલથી મહારેલીમાં લોકો ભીમમય બની નાચગાન સાથે ભાવપૂર્વક જોડાયા હતા, આ રેલીનું ધારી શહેરની વિવિધ સંસ્થાઓ સાથે ઉષ્માભેર સ્વાગત કરી દરેક સમાજના આગેવાનો રેલીમાં જોડાયા હતા. આ મહારેલી ધારીની જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતે મહાસભામાં ફેરવાઈ હતી, આ મહાસભામાં તાલુકા ભરના તેજસ્વી તારલાઓને ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવેલા. વિદ્યાર્થીઓએ ખૂબ જ પ્રેરણાદાયી વકતવ્ય આપી સમાજના સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ તકે સામાજિક, રાજકીય સૃષ્ટિઓને સન્માન પત્ર આપી સન્માનિત કરાયા હતા, પધારેલા મહેમાનોને ડો. રવજીભાઈ ગાબાણી લિખિત ''વાત તો ખરી છે'' નામનું ખૂબ જ ચિંતનાત્મક પુસ્તક આપી સન્માનિત કરાયા હતા. આ પુસ્તકના લેખક ડો. રવજીભાઈ ગાબાણીના સહયોગથી તેમજ નીલકંઠ જવેલર્સ અમરેલીના કેતનભાઈ સોનીના સહયોગથી આ મોંઘી કિંમતના પુસ્તકો મળેલા જે ખૂબ જ સહાનીય બાબત હતી. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પ્રેરણાદાય ઉદબોધન કરી સમાજને સરકારી યોજનાઓને ભરપૂર લાભ ઉઠાવી આગળ વધવું જોઈએ તેમ જણાવ્યું હતું, તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે વર્તમાન સરકારે બાબા સાહેબના સ્વપ્નને સિદ્ધ કરવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. વિદેશ અભ્યાસ સાથે ૧૫ લાખ જેટલા રૂપિયાની લોન આપવામાં આવે છે જેવી અનેક યોજનાઓનો લાભ લેવા તેમજ વિકાસના કામ માટે ગમે ત્યારે તેમનો સંપર્ક કરવા જણાવેલું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક ભરતભાઈ સુતરીયાએ જણાવેલું કે હું એક ગામડામાંથી ખેડૂત પુત્ર છું પરંતુ બંધારણની રચનાના કારણે હું દિલ્હી સુધી પહોંચી શક્યો છું. કાર્યક્રમના આયોજક શાંતિલાલ પરમારે વેકરીયાપરામાં કોમ્યુનિટી હોલ માટે સહયોગ આપવા રજૂઆત કરતા, સાંસદએ એક જ ધડાકે ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ જાહેરાત કરી છે, તેઓએ વધારામાં એવું જણાવેલ હતું કે હજુ વધારે વિકાસના કામ માટે ગમે તેટલી રકમની જરૂર પડે તો અમને યાદ કરજો. આ કાર્યક્રમમાં ધારીના વતની અને તાજેતરમાં જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે પસંદગી પામેલ અતુલભાઈ કાનાણીનું સન્માનપત્ર આપી બહુમાનિત કરાયા હતા. અતુલભાઈ કાનાણી સરળ સ્વભાવના હોય ધારીને અણધારી સફળતા મળશે તેવી વાત રજૂ થયેલી, ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડિયાએ ધારીને વિકાસ કામ માટે હરણફાળ કરી છે. ધારીને નગરપાલિકા બનાવવા તેમજ ટુરીઝમ બોર્ડમાં સમાવેશ કરાવવા જેવી બાબતો માટે તેમને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે તાલુકા ભાજપના પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, સરસઈ આશ્રમના પ્રમુખ ચંદુભાઈ પરમાર, ગોંડલ ભોજપરાના સરપંચને દાતા વિપુલભાઈ પરમાર, સામાજિક ન્યાય સમિતિ જિલ્લા પંચાયતના ચેરમેન કરસનભાઈ ચૌહાણ, પૂર્વ ચેરમેન મુકેશભાઈ બગડા સહિત શ્રેષ્ઠીઓનું સન્માનપત્ર આપી બહુમાનીત કરાયા, આ તમામ શિલ્ડ સન્માનપત્ર અમરેલી યશ કન્સ્ટ્રક્શનનાં પ્રો. જીતેન્દ્રભાઈ જોગદિયા તરફથી આપવામાં આવેલ. આ તકે ગાંધીનગર નાયબ નિયામક નિલેશ બગડા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી એ.કે.શેખ, નાયબ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી સાહેબ, પી.આઈ દેસાઈ સાહેબ, નીલકંઠ જવેલર્સના પ્રો. કેતનભાઈ સોની, અગ્રણી બિલ્ડર શીકાળુભાઈ લીમ્બાસિયા, જિલ્લા રોગ સમિતિના ચેરમેન અશ્વિન કુંજડિયા, પૂર્વ ભુપતભાઈ વાળા, જીતુભાઈ જોશી, પરેશભાઈ પટણી, સુરેશભાઈ ગમારા, મનસુખભાઈ ભુવા, કમળાબેન ખોડાભાઈ ભુવા, એમ બી. બારડ, સંયોજક મનોજભાઈ મહિડા, યાર્ડના વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ, રમેશભાઈ વાઘેલા, શાંતિલાલ રાણવા, વાલજીભાઈ સનાળી, રવજીભાઈ ચૌહાણ, ભરતભાઈ અંટાળા, ડો. મનસુખ ગોહિલ, ભીખાભાઈ સરવૈયા, યસ કન્સ્ટ્રક્શનના જીતુભાઈ જોગદિયા, મુકેશભાઈ રૂપારેલીયા, રમેશભાઈ મકવાણા, વિપુલભાઈ બુંહા, કવિ હરજીવનભાઈ દાફડા સહિતના અગ્રણીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન કવિ સ્નેહી પરમાર અને આયોજક કમિટી વતી શાંતિલાલ પરમારે કરેલુ. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રી કરસનભાઈ ચેહાણ, તાલુકાની સમિતિના ચેરમેન શ્રી ચતુરભાઈ સરવૈયા, જિલ્લાની સમિતિના પૂર્વ ચેરમેન મુકેશભાઈ બગડા, સંયોજક મનોજભાઈ મહિડા, કાર્યાલયના સંચાલક મહેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા મોરચાના સંદીપ સોલંકી, વાલજીભાઈ વિંઝુડા, પ્રવીણભાઈ ચાવડા, તારીના આગેવાનો હિંમતભાઈ ખેતરીયા, શામજીભાઈ ખાણિયા, સાગરભાઈ દાફડા, મધુભાઈ મકવાણા, મધુભાઈ રાઠોડ, અનિલભાઈ રાઠોડ, ગૌતમભાઈ દાફડા, ચીમનભાઈ પરમાર, ચલાલાના આગેવાનો રામજીભાઈ રાઠોડ, ભીમભાઈ રાઠોડ, ભુટાભાઈ રાઠોડ, વિનુભાઈ રાઠોડ, ભાયાભાઈ ગોહિલ, નીતિનભાઈ વાળા, ચંદુભાઈ દાફડા, રામજીભાઈ દાફડા, પત્રકાર સંજય વાળા, સંજય માધડ, રામજીભાઈ પરમાર, દેવજીભાઈ દાફડા જીરા, મહેશભાઈ જીરા, જીતુભાઈ વાણીયા, લાલજીભાઈ દાફડા, ગીરીશભાઈ જાદવ, પી.એ. ચાવડા, અલ્પેશભાઈ દાફડા, સુરેશભાઈ બોરીચા, કિશોરભાઈ રાઠોડ, મનુભાઈ બોરીચા, વિનોદ દાફડા, વિનુભાઈ દાફડા, સામતભાઈ દાફડા, ભાણજીભાઈ માધડ, ધીરૂભાઈ રાઠોડ, ઉકાભાઈ દાફડા, મહેશ દાફડા આરટીઓ, સહિત ૨૦૦૦ જેટલા લોકો બાવળી સંખ્યામાં જોડાયા હતા.

# અમરેલી ખાતે કર્મભુમિ ડેવલોપમેન્ટ ચેરિ.ટ્રસ્ટ દ્વારા કરિયર કાઉન્સેલિંગ કાર્યક્રમ યોજાયો








અમરેલીના કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'Your Future, Your Choice' શીર્ષક હેઠળ કરિયર કાઉન્સેલિંગ સેમિનારનું આયોજન અમરેલી સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ હોલ ખાતે કરવામાં આવ્યું. ધારાસભ્ય કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને સ્થાપિત ટ્રસ્ટનો પ્રથમ કાર્યક્રમ અમરેલીના વિદ્યાર્થીઓને અર્પિત કરાયો હતો. સાંસદ ભરતભાઈ સુતરીયા અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં, જીલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી સહિત હાજર આ થકી વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દી અંગે સ્પષ્ટ દિશા આપવા સાથે સાથે, વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ શિક્ષણ અને રોજગારીના વિકલ્પો અંગે જાણકારી મળશે. સેમિનારમાં વિદ્વાન ઉપસ્થિતો અને કરિયર માર્ગદર્શન નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અને કારકિર્દી વિકલ્પો અંગે માહિતી આપી અને તેમને યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડયું. વિદ્વતવર્તુળે વિદ્યાર્થીઓને શિક્ષણના મહત્વ વિશે વિસ્તૃત રીતે સમજાવ્યું અને પોતાના હિતમાં યોગ્ય પસંદગી કરવાની પ્રેરણા આપી. તેમજ વાલીઓ માટે પણ સત્ર યોજવામાં આવ્યું, જેમાં તેમને બાળકોના ભવિષ્ય નિર્માણમાં તેમના સહકાર અને માર્ગદર્શનની ભૂમિકા વિશે માહિતગાર કરવામાં આવ્યા. આ સેમિનારમાં અમરેલી જિલ્લાના વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ, શાળા સંચાલક મંડળના સભ્યો, શહેરની અનેક માધ્યમિક શાળાઓના આચાર્યવર્ગસહિત મોટી સંખ્યામાં શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા તજજ્ઞો ઉત્સાહભેર હાજરી આપી અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

## રેંટિયો તુવેરદાળની ૯૦ વર્ષની સફળ યાત્રાની ભવ્ય ઉજવણી

## ભારતની આઝાદી પહેલા નવાપુરમાં સ્થપાયેલી રેંટિયો તુવેરદાળ બ્રાન્ડ આજે પણ લોકોની પહેલી પસંદ

**નવાપુર ખાતે આવેલી ફેક્ટરીમાં રોજ ૮૦ થી ૯૦ મેટ્રિક ટન દાળનું ઉત્પાદન થાય છે**

**માત્ર મહારાષ્ટ્ર, ગુજરાત કે ભારત જ નહી પણ વિદેશમાં પણ રેંટિયો તુવેરદાળ એક્સપોર્ટ થાય છે**



અમરેલી, તા. ૧૫

તુવેરદાળનું નામ પડે તો સૌથી પહેલા મોઢે એકજ બ્રાન્ડ નેમ આવે અને તે છે રેંટિયો તુવેરદાળ ! આજે રેંટિયો તુવેરદાળ બ્રાન્ડ તેની સફરના ૯૦ વર્ષપૂરા કર્યાછેઅનેઆ માઈલ સ્ટોનની ભવ્ય ઉજવણી કરવા આવી રહી છે.

આ અનેરા પ્રંસગે અમદાવાદની હોટલ હયાત વસ્ત્રાપુર ખાતે રવિવારે સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

આ અંગે રેંટિયો તુવેરદાળના સીઈઓ શીતલ વાણી ચોખાવાળાએ જણાવ્યું હતું કે રેંટિયો તુવેરદાળબ્રાન્ડની શરૂઆત આઝાદી પહેલા અને ગુજરાત મહારાષ્ટ્રના ભાગલા પહેલા ૧૯૩૫માંઉત્તર મહારાષ્ટ્રનો ભાગ કહેવાતા નવાપુર ખાતેથઈ હતી. દેશી તુવેરદાળ માટેની વિશ્વાસ પાત્ર બ્રાન્ડ તરીકે રેંટિયો તુવેર દાળલોકોમાંલોકપ્રિય રહીછે. ચાર પેઢીઓથી લોકો રેંટિયો તુવેરદાળનો આ સ્વાદ માણી રહ્યા છે જે આ બ્રાન્ડની સફળતા દર્શાવે છે. આ વર્ષે રેંટિયો તુવેર દાળ બ્રાન્ડ ૯૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. ત્યારે કંપની દ્વારા આ માઈલ સ્ટોનની ઉજવણી કરવામાં આવી રહીછે.જે અંતર્ગત હોટલ હયાત ખાતે આજરોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રેંટિયો બ્રાન્ડ સાથે જોડાયેલા ડિસ્ટ્રિબ્યુટર્સ, વ્યાપારી અને કેટલાક ખાસ મહેમાનોને આમંત્રિત કરવામા આવ્યા છે. આ કાર્યક્રમમાં રેંટિયો તુવેરદાળની ૯૦ વર્ષનીસફર રજૂ કરવામાં આવી રહી છે.

## દાન સેતુ ગ્રુપનાં યુવાનો દ્વારા અમરેલીના ડો. જીવરાજ મહેતા ચોકમાં ઠંડી છાશનું વિનામુલ્યે વિતરણ


**આકરી ગરમીથી રાહત આપવા સેવાકાર્ય**



અમરેલી, તા.૧૫

દાનસેતુ ગ્રુપ દ્વારા ડો. જીવરાત મહેતા ચોક ખાતે છાશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. તડકામાં જનતાને તાજગી આપી શકાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમૃત ધારા સોસાયટીના યુવાનોએ સહભાગી બની લોકસેવા માટેની પોતાની પ્રતિબદ્રતા દર્શાવી હતી. આ સમગ્ર વ્યવસ્થા દાનસેતુ ગ્રુપના સભ્યો દ્વારા તેમના પોતાના ખર્ચે કરાઈ હતી. જે સૌ માટે પ્રેરણાદાયી છે. આ સેવાકાર્યમાં દાનસેતુ ગ્રુપના પ્રમુખ જુહિલ નિલેશભાઈ અકબરી, ઉપપ્રમુખ સ્મિત કિશનભાઈ રાઠોડ, તથા પંથ રીબડીયા, મીરવ માંગરોળીયા, ખુશ માંડવીયા, કિસ ગોસ્વામી અને જય હિરાપરા સહિતના યુવાનોની મહત્વપૂર્ણ રહી હતી. આ છાશ વિતરણ કાર્યક્રમ દ્વારા અનેક લોકોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને લોકસેવા માટેના પ્રયાસો સમાજ માટે હંમેશા આવકારદાયક હોય છે. તેમ દાનસેતુ ગ્રુપના પ્રમુખ જણાવ્યું હતું.

## હું શું છું ?




અમરેલી, તા. ૧૫

એક મંદિરમાં સરસ મજાની કૃષ્ણ ભગવાનની મૂર્તિ હતી સુંદર દેખાવ, સુંદર વસ્ત્ર, સુંદર મોરલી, મુકુટમાં મોર પંખ, સરસ મજાના આભૂષણ એકદમ મનમોહન મૂર્તિ મંદિરમાં ઘણાબધા લોકો દર્શન કરવા આવતા હતા ને જતા હતા. મેં ત્યાં ભકતોની ભીડ જોઈ દરેક વ્યકિત હાથ જોડી ભગવાનની મૂર્તિ સામે જોઈ કંઈક ને કંઈક વિચાર કરતા હતા. દરેક મૂર્તિની સામે જોઈ બે હાથ જોડી પોતાના નજરીયાથી ભગવાનને જોતા હતા. કોઈ તેના અધૂરા સપના માંગતા હતા. કોઈ પોતાની ભૂલો સ્વીકારતા હતા. કોઈ મૂર્તિની સુંદરતા જોતા હતા. કોઈ એની લીલાને યાદ કરી હશે છે કે કોઈ તેના રૂપને જોઈ હરખાય છે કોઈ એના મુરલીના મધુર અવાજનો અનુભવ કરે છે. કોઈ મુકુટ પર શોભતું મોર પંખને જોવે છે કોઈ સુંદર વસ્ત્રને જોવે છે. કોઈ તેની લીલા પર મોહિત છે તો કોઈ એના કપટથી ક્રોધિત છે કહેવાનો તાત્પર્ય કે ભગવાનની મૂર્તિ એક જ છે એના દર્શન કરનાર વ્યકિતઓ અનેક છે અને બધાના વિચારો પણ અલગ અલગ છે જોવાનો નજરીઓ પણ અલગ અલગ છે બસ બધાની જોવાની વિચારવાની રીત અલગ છે ભગવાનને કોઈ ફરક નથી પડતો કે તમે શું જુઓ છો ? શું વિચારો છો ? એમના વિશે શું બોલો છો ? એવી રીતે તમે શું છો ? તમારૂ પૂર્ણ સ્વરૂપ તમે જાણો છો ? કે હું શું છું ? લોકો તમને અલગ અલગ નજરોથી જોવે છે તમારા વિશે વાતો કરે છે કહેવાનો તાત્પર્ય કે કોઈ ગમે તે તમારા વિશે બોલે એ સારૂ કે ખરાબ પણ તમે તમારૂ પૂર્ણ સ્વરૂપ તમે જાણો. કે હું શું છું ? કોઈ વ્યકિત આપણા વિશે ખરાબ બોલે કે સારૂ બોલે એના પર વધારે ધ્યાન ન આપતા સ્વયમને ઓળખો લોકો શું વિચારે છે એના પર ધ્યાન ન આપો. તમારી બુરાઈ એ જ લોકો કરશે જે તમને ઓવરટેક નથી કરી શકતા જે તમારી સફળતાથી જલે છે કોઈ આપડી બુરાઈ કરે કોઈ સારૂ બોલે તો ખુશી અનુભવીએ અને ખરાબ બોલે તો દુઃખી થઈ જઈએ મતલબ તમારી જીવનની ડોર તમે લોકોના હાથમાં આપેલ છે લોકોના હાથમાં તમારૂ રીમોટ કંટ્રોલ ન હોવું જોઈએ તમે તમારી જાતને એવી રીતે તૈયાર કરો. દરેક મુશ્કેલીઓનો સામનો કરવો જીવનમાં ખુદ પર સંયમ હોવો જરૂરી છે. મુશ્કેલ આવવી એ પોતાના ગ્રોથ માટે સારી વાત છે જો જીવન સરળ હશે તો જિંદગીથી શીખીશું શું ?પહેલા એ જાણો કે તમારી અંદર અને બહાર શું છે ? સદગુરૂએ એક સરસ મજાની વાત કહી છે કે તમે તમારી અંદર કેવી રીતે જશો ? તમે કોઈ હોલમાં આવી શકો છો કે બહાર જઈ શકો છો પણ તમે તમારી અંદર કેવી રીતે જશો ઉ.દા. તરીકે રાત્રે રોજ સુતા પહેલા જે પણ તમે નથી તેને બાજુમાં મૂકી દો. એ તમારા માટે ખૂબ જ કીમતી હોય તો પણ બાજુમાં મૂકી દો. દા.ત. (૧) મારૂ ઘર શું તમે ઘર છો ? ના તો એ બાજુમાં મૂકી દો. (૨) તમારી પત્ની કે તમારા પતિએ તમે છો ? ના તો એ પણ બાજુમાં મૂકી દો. (૩) તમારા બાળકો શું એ તમે છો ? ના (૪) એવી રીતે તમારી દરેક વસ્તુ, કપડા, શૃંગાર એ તમે છો ? શરીર જે તમે પહેરો છો એ તમે છો ? નથી કોઈપણ વિચાર ભાવનાએ તમે છો ? ના એ તમે નથી ? જે પણ તમે નથી એને બાજુમાં મૂકી દો ભૌતિક રૂપથી નહિ પણ દિમાગથી એ કરી જુઓ. બધું જ બાજુમાં મૂકી દો જોવો બધું તમે સાઈડ પર મૂકી દેશો જે તમે નથી એ ત્યાં જ હશે. આપણી પાસે એવા ઘણા વિચાર છે કે જે આપણે અનુભવ્યા નથી. આ એક મોટી સમસ્યા છે દરરોજ આનો અભ્યાસ કરો. એક દિવસ તમને સફળતા મળશે. મારૂ હોવાનો અહંકાર છે બંધન, મોહમાયા છે. વાસ્તવમાં તમારૂ છે જ નહી.એક વ્યકિતને પૂછવામાં આવ્યું શું દુર છે મુંબઈ કે ચાંદ ? એ વ્યકિતએ જવાબ આપ્યો મુંબઈ દૂર છે પેલા વ્યકિતએ આશ્ચર્યથી પૂછયું કેવી રીતે ? એ વ્યકિતએ જવાબ આપ્યો હું મુંબઈને જોઈ નથી શકતો ચાંદને જોઈ શકું છું. એટલે એ નજીક છે મારા માટે. તાત્પર્ય આપણે આપણા સૌથી નજીક છીએ આપણા જીવન પર ધ્યાન આપવું બીજાનું ધ્યાન આપણા જીવન પર કેન્દ્રિત કરવાનો પ્રયત્ન ન કરવો પોતાના જીવન વિશે ઘણી વખતે તેમ બીજાને પૂછો. ને તમારા વિશે કોઈ તમને પૂછો તો તમારી પાસે લિમિટેડ શબ્દો હશે. પણ જો તમને બીજાના વિશે પૂછવામાં આવે તો તમે ઘણું બધું એના વિશે કહો છો. તમે તમારા વિશે ઘણું બધું નથી જાણતા અને તમે તમારા વિશે નથી જાણતા એ મોટી સમસ્યા નથી પણ વ્યકિતઓ વિશે વધારે જાણો છો એ મોટી સમસ્યા છે એટલે પહેલા પોતાની જાતને અરીસામાં જુઓ પોતાની જાતને જાણો જુઓ સમજો સ્વીકારો સત્ય એ જ છે આંખ ખોલીને જીવનને જોવું જીવન બહુ સરળ ચીજ છે દૂર નથી નજીક નથી જે છે એ તમારી પાસે જ છે.લોકોના શબ્દો કે વ્યવહારનો આપણા જીવનમાં કોઈ પ્રભાવ ન પડવો જોઈએ ખરાબ કે સારા. માનીલો કે તમે સિંહ જોયો જો સિંહને તમે નહીં ખાઓ તો એ પણ તમને નહીં થાય ? એ તો તમને ખાઈ જશે ને તમે બીજાની બુરાઈ નહીં કરો તો એ પણ તમારી બુરાઈ નહીં કરે એવા બ્રહ્મમાં ન જીવવું એ તો કરશે જ જિંદગી બદલવી છે તો પોતાના પર ધ્યાન આપો.

**દર્શના પટેલ**
**(નેશનલ એથ્લેટ) અમદાવાદ**

## રાજકોટનાં જાણીતા ઈએનટી ડો. હિમાંશુ ઠકકરનો લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સમાવેશ


ચલાલા, તા. ૧૫

રાજકોટના જાણીતા ઈ.એન.ટી. સર્જન ડો. હિમાંશુ ઠક્કરનો વિ વિખ્યાત લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ ૨૦૨૫ના ''મેડિકલ મારવેલ'' વિભાગમાં "LARGEST NASAL POLYP REMOVED" તરીકે સમાવેશ થયો છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ ભારતમાં દર વર્ષે પ્રકાશિત થતી એક રેફરન્સ બુક છે, જેમાં ભારતીયો દ્વારા બનાવેલા વિ રેકોર્ડ્સની નોંધ લેવામાં આવે છે. આ રેકોર્ડ્સને શિક્ષણ, સાહિત્ય, ખેતી, તબીબી વિજ્ઞાન, વ્યવસાય, રમતગમત, કુદરત, સાહસ, રેડિયો અને સિનેમા જેવી કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થાય છે. તેનો પ્રથમ પ્રકાશન ૧૯૯૦માં થયો હતો.ડો હિમાંશુ ઠક્કરે રાજકોટના ૫૫ વર્ષીય લાલીભાઈ વાઘેલાની નાકમાંથી ૮ સેમી ૨.૫ સેમી મોટો નેઝલ પોલિપ (નાકનો મસો) નાકની કુદરતી છિદ્રમાંથી સ્કાર વગર દૂરબીનથી કાઢી આપ્યો હતો.દર્દીને છેલ્લા ૬ મહિનાથી નાક બંધ રહેવું, શરદી, ખાંસી અને કફ જેવી તકલીફો હતી. સીટી સ્કેનમાં મોટો પોલિપ દેખાયો હતો. ડા. ઠક્કરે એન્ડોસ્કોપ અને વિશિષ્ટ ઈન્સ્ટુમેન્ટની મદદથી તેને સંપૂર્ણપણે દૂર કર્યો. દર્દીને કોઈ પણ જાતના complication વગર એજ દિવસે ડિસ્ચાર્જ કરીદેવાયા હતો.આ અનોખી સફળતા માટે ડો. હિમાંશુ ઠક્કરનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ ૨૦૨૫માં સામેલ થયું છે જે રાજકોટ અને ગુજરાત માટે ગૌરવની વાત છે.ડો. ઠક્કરે જણાવ્યું કે, ''વિપ્રસિદ્ધ લિમ્કા બુકમાં સ્થાન મળવું મારા માટે ગૌરવ, સન્માન અને આનંદની વાત છે.''તેઓ છેલ્લા ૨૩ વર્ષથી ઈએનટી સર્જન તરીકે સેવાઓ આપી રહ્યા છે અને વિદ્યાનગર મેન રોડ, રાજકોટ ખાતે પોતાની હોસ્પિટલ ચલાવે છે. અગાઉ પણ ડો ઠક્કરે નાના બાળકોની ાસનળી અને અન્નનળીમાં ફસાયેલ વસ્તુ દૂરબીન વડે કાઢી આપી અનેક માસુમ બાળકોને નવજીવન આપ્યું હતું. અને તે બદલ ખુબજ નામના મળવી ચૂકેલા છે. તેઓ અગાઉ પણ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ ૨૦૨૩માં તેમનું નામ સામેલ થયેલ છે કે જેમાં ડો ઠક્કરે બાળકની ાસનળીમા સાત વર્ષથી ફસાયેલ પ્લાસ્ટિકની સિસોટી દૂરબીન વડે કાઢી આપી બાળકને નવજીવન આપ્યું હતું. ડો હિમાંશુ ઠક્કરને IMA નેશનલ એવોર્ડ ૨૦૧૩ ઈન્ડિયન મેડિકલ એસોની નેશનલ કોન્ફરન્સ રાજામુદ્રિ આંધ્ર પ્રદેશ ખાતે એનાયત કરવામાં આવ્યો હતો. અને IMA MedAchievers એવોર્ડ ઓફ મેરિટ ૧લી જુલાઈ ડોકટર ડે ૨૦૧૪ તાજ પેલેસ હોટલ દિલ્હી ખાતે એનાયત થયેલ. ડો ઠક્કર ભૂતપૂર્વ સેક્રેટરી ઈન્ડિયન મેડિકલ એસો રાજકોટ, ભૂતપૂર્વ પ્રમુખ ઈ એન્ટી સોસાયટી ઓફ રાજકોટ, ભૂતપૂર્વ પ્રમુખ રઘુવંશી ડોક્ટર એસોસિએશન, ભૂતપૂર્વ સેક્રેટરી રાજકોટ લોહાણા મહાજન, ભૂતપૂર્વ ખજાનચી સર્જન એસો રાજકોટ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ડો હિમાંશુ ઠક્કર ઘણી સેવાકીય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે અને હર હમેશ જરૂરિયાત મંદ દર્દીઓની સેવામાં તત્પર રહે છે. Limca Book of Records માં રેકોર્ડ સ્થાપિ કીર્તિમાન રચવા બદલ ડો ઠક્કરના મિત્ર વર્તુળમાંથી શુભેચ્છાની વર્ષા થઈ રહી છે. સરનામું : ડો ઠક્કર ઈ એન્ટી ડેન્ટલ હોસ્પિટલ, હોસ્પિટલ ૨૦૨ લાઈફ લાઈન બિલ્ડિંગ વિદ્યાનગર રોડ રાજકોટ સંપર્ક –૭૯૯૦૧૫૩૭૯૩.

## વડેરા : આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો




અમરેલી, તા.૧૫

આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે ૭મી આયુષ્યમાન આરોગ્ય મંદિર ની વર્ષગાઠ નિમિતે આરોગ્ય કેમ્પ કરવામાં આવેલ. આ તકે વડેરા ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ ભરતભાઈ હપાણી, જીલ્લા પંચાયત બાધકામ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ માગરોલીયા, આયુષ્યમાન આરોગ્ય મંદિરના સ્ટાફ સીએચઓ સપનાબેન રાણવા, ડી.જી રાજયગુરૂ.કે.બી દુધાત. બી. આર ભટ્ટી, કાજલબેન જાદવ, આંગણવાડી કાર્યકર બહેનો તથા ગામના લોકો ઉપસ્થિત રહેલ. આ કેમ્પ માં ૬૭ લાભાર્થીઓએ લાભ લીધેલ

## અમરેલી : માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા અનુરોધ કરતા એડવોકેટ અજીમ લાખાણી

અમરેલી, તા. ૧૫

રાજય સરકારની માનવ કલ્યાણ યોજનાનો લાભ લઈ પગભર થવા અને સ્વમાન ભેર જિંદગી જીવવા અડવોકેટ અજીમ લાખાણીની અપીલ. રાજય સરકારે ગરીબી રેખામાંથી લોકોને બહાર લાવવા અને સ્વમાન ભેર જ જિંદગી જીવવા માટે રૂ ૨૫૦૦૦ સુધીના સાધન સહાય યોજના માનવ ગરીમા યોજના હેઠળ જાહેર કરેલ છે જે યોજનામાં શહેરી વિસ્તારમાં રહેતા લોકોને યોજનાનો લાભ લેવા અનુરોધ.આ યોજનાનો લાભ લેવા માટે (૧) દૂધ દહીં વેચનાર (૨) ભરતકામ (૩) બ્યુટી પાલર (૪) પાપડ બનાવટ (૫) વાહન સર્વિસીંગ અને રીપેરીંગ (૬) પ્લમ્બર (૭) સેન્ટિંગ કામ (૮) ઈલેક્ટ્રીક એપ્લાયસીસ રીપેરીંગ (૯) અથાણા બનાવટ (૧૦) પંચર કિટ જેવી પગભર થવાની યોજનાનો લાભ લઈ રાજયને અને રાષ્ટ્રને મજબૂત બનાવો. આ યોજનાનો લાભ લેવા માાંગતા લોકોએ આધારકાર્ડ રહેણાંકનો પુરાવો, જાતિનો દાખલો, આવકનો દાખલો, જે–તે વ્યવસાયનો અનુભવનો દાખલો, પ્રમાણ પત્ર જોડવાના રહેશે આપ અરજી ઈ–કુટર પોર્ટલ (https://e-kutir.gujarat.gov.in) પર ઓનલાઈન જ કરવાની રહેશે તેમજ વધુ માહતી માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરી શકો છો.

# બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવની ઉજવણી કરાઈ







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા







બાબરામાં વી એલ ગેલાણી વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ તકે સાધુ સંતો રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં વાલી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવનું આયોજન શાળા પરીવાર દ્વારા કરવામાં આવ્યુ હતું લાઠી તાલુકાના હીરાણા ખાતે આવેલ આદેશ આશ્રમના મહંત પૂજય બાલકનાથ બાપુ દ્વારા દીપ પ્રાગટય કરી સમગ્ર કાર્યક્રમને ખુલ્લો મૂકી આશીર્વાદ પાઠવ્યા હતા અહીં સંસ્થાના પ્રમુખ કાળુભાઈ ગેલાણી, ટ્રસ્ટી દિલીપભાઈ ગેલાણી, સુરેશભાઈ ગેલાણી દ્વારા પૂજય બાપુનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સામાજિક લોકજાગૃતિ અને દેશભાવના ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લાઠી બાબરાના પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડ, જિલ્લા ખાનગી શાળાના પ્રમુખ હસમુખભાઈ પટેલ, જાણીતા કવિ હરેશભાઈ વડાવીયા, બાવકુભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા સહીતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું તેમજ શિક્ષકોનું સન્માન શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અચાર્ય ઈલાબેન ગેલાણીમાં માર્ગદર્શન હેઠળ કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ કુબાવત સહિતના સ્ટાફ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## ભાજપનાં ૪૬માં સ્થાપના દિને જાફરાબાદ ખાતે ભાજપ અગ્રણીનાં નિવાસ સ્થાને ખાટલા બેઠક યોજાઈ

### ભાજપનાં સંઘર્ષનાં દિવસોને યાદ કરાયા



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિવસ નિમિત્તે ''ગાંવ બસ્તી ચલો'' અભિયાન અંતર્ગત ભાજપ અગ્રણી જીવનભાઈના નિવાસ સ્થાને ખાટલા બેઠક રાખેલ હતી.

ભાજપના કુમળા છોડને આજે ખુબ વિશાળ વટવૃક્ષ બનાવ્યુ છે. કોંગ્રેસના સત્તાધિશોની ગાળો અને માર ખાઈને જીવનભાઈ, સ્વ.મનોજભાઈ, સ્વ. કારણભાઈ, ભગુભાઈ જેવા કર્મઠ આગેવાનોએ જાફરાબાદમાં ભાજપને ઉર્ધ્વ ઉંચાઈએ સ્થાપીત કરીને, મોટું વટ વૃક્ષ બનાવેલ છે. કોઈપણ જાતના સ્વાર્થ વગર વટ વૃક્ષને ઉંચાઈ આપી... વંદન છે આવા કાર્યકરોને...

જીવનભાઈનું સમર્પણ જાફરાબાદ ક્યારેય ભૂલી નહિ શકે.. આજે વિશાળ બનેલા વટવૃક્ષના મીઠા ફળો ચાખવાનો સમય છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ખાનપર ગામે રહેતી

રાત્રે પરત આવેલ ન હોય તે વાત યાદ તેણીને આવી જતા તે વાતનું લાગી આવતા ગત તા. ૧૪ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે ખાનપર ગામે પોતે પોતાની મેળે પોતાના રહેણાંક મકાનના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી રીંકલબેને પોતાની ચુંદડી ખોરડાના આડીના લાકડા સાથે બાંધી પોતાની જાતે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધેલ અને હાલ તેણી બેભાન હાલતમાં જસદણ ખાતે ખાતે સારવારમાં દાખલનું પોલીસમાં યુવકે જાહેર કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ચલાલા નજીક હરિદર્શન ખાનગી બસ

સામાજીક તેમજ રાજકીય આગેવાનો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં જોડાયા હતા.

અકસ્માત અંગે પોલીસ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવીછે. હરીદર્શન ટ્રાવેલ્સમાં ઉનાથી અમદાવાદ જવા મુસાફરી કરતા દેવાંગભાઈ રાજેશભાઈ ઉપાધ્યાયએ જણાવેલ કે, આ બસમા અંદાજે ત્રીસથી ચાલીસ પેસેન્જરો મુસાફરી કરતા હતા. ચલાલા બસ આવતા ચલાલા હરીદર્શન ટ્રાવેલ્સની હેડ ઓફિસ હોય અહી ડ્રાઈવરની બદલી થઈ હતી. અહીથી અયુબભાઈ મકરાણી નામના ડ્રાઈવર બસ ચલાવા માટે બેઠા હતા અને બસ હજુ ચાલુ કરી ત્યાં જ બસના આમતેમ કાવા લગાવા લાગ્યા હતા અને અંદાજે ત્રણેક કી.મી. બસ ચલાલાથી આગળ નીકળી હતી ત્યાં એક ટ્રકની ઓવરટેક કરવા જતા ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રોડની ડાબી સાઈડમાં આખી બસ પલ્ટી મારી ગઈ હતી.

વધુમાં પેસેન્જર દેવાંગભાઈ ઉપાધ્યાયે જણાવ્યુ હતુ કે, ડ્રાઈવરે ખુબ જ બેદરકારી પુર્વક વાહન હંકારતા હોવાના કારણે આ અકસ્માતની ઘટના ઘટી છે. તેથી હું હરીદર્શન ટ્રાવેલ્સના માલીક અને ડ્રાઈવર સામે માનવવધનો ગુન્હો દાખલ કરવાનો છું તેમ જણાવેલ છે. ચલાલા પોલીસે પ્રશંસનીય કામગીરી કરી હતી. અકસ્માત કર્યા બાદ ડ્રાઈવર અયુબ મકરાણી ચલાલા પોલીસ સ્ટેશનમાં હાજર થયેલ છે. ચલાલા પોલીસે જાણવા જોગ નોંધ કરેલ છે હજુ કોઈ ફરિયાદ દાખલ થઈ નથી. તેમ પોલીસ સુત્રોમાંથી જાણવા મળેલ છે.

## ડો. બાબાસાહેબની જન્મજયંતીએ મોટા ગોખરવાળા ખાતે રાહત કાર્યમાં આરોગ્ય કેમ્પ યોજાયો

### આરોગ્ય કર્મીઓની ઉમદા કામગીરી

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના મોટા ગોખરવાળામાં ડો. બી.આર. આંબેડકર સાહેબની ૧૩૪મી જન્મજયંતિ મોટા ગોખરવાળામાં ચાલતા રાહત કામમાં આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૧૯ જેવા લાભાર્થીઓએ લાભ લીધેલ. ઉનાળાને હિસાબે ઓ.આર.એસ. ના પેકેટનું વિતરણ મોટા પ્રમાણમાં કરવામાં આવેલ. સાથોસાથ બીપી તથા ડાયાબીટીસ સહિત તપાસ કરી દવા પણ આપવામાં આવેલ આ કેમ્પમાં હિતેષભાઈ રોકડ તથા તબનસુનબેન આરોગ્ય કર્મચારી હાજર રહી સારી એવી પ્રસંશનીય સરાહનીય કામગીરી બજાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સાજીયાવદર ગામનાં

રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાનું ટ્રેકટર લઈને સાજીયાવદર ગામની હાઈસ્કુલની સીમની વાડીએ રોટાવેટર હાંકવા માટે ગયેલ હતો અને રોટાવેટર હાંકતો હતો તે દરમ્યાન પોતાની ગફલતાઈ અને બેદરકારીથી ચાલું ટ્રેકટર ઉપરથી પડી જતા ટ્રેકટરની પાછળ જોડેલ ગતિમાન રોટાવેટરમાં વિરલનું શરીર આવી જતા શરીરે અલગ–અલગ જગ્યાએ ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાંથી ૨૫૦ કિ.ગ્રા. ગૌમાંસ

આરોપીને ઝડપી લીધેલ હતો.

તે અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પે. સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની દલીલો તથા રજુ કરેલ આધાર પુરાવાઓના આધારે સેશન્સ જજ રિઝવાના બુખારી દ્વારા આરોપીને પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫(૧)(ક)માં ૧૦ વર્ષની સજા તથા એક લાખનો દંડ તથા કલમ ૬(ખ)માં ૧૦ વર્ષની સજા તથા એક લાખનો દંડ તથા આઈપીસીની કલમ ૪૨૯માં ૩ વર્ષની કેદ તથા ત્રણ હજારનો દંડ તથા ૨૯૫ માં ૨ વર્ષની સજા તથા બે હજારનો દંડ તથા જીપી એકટ કલમ ૧૧૯ માં ૨ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૬૬ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૦ | ૧૦૫૭ |
| ૩ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૧૩૩૨ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૬૦ |
| ૬ | તલ કાળા | ૪૬૫૨ | ૪૬૫૨ |
| ૭ | બાજરો | ૫૦૦ | ૬૨૪ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૧ | ૫૩૮ |
| ૧૧ | ચણા | ૯૩૫ | ૧૦૮૭ |
| ૧૨ | ચણા દેશી | ૯૯૨ | ૧૧૭૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૧૦ | ૧૩૦૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૧૭૦ | ૨૦૩૧ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૬ |
| ૧૬ | વાલ | ૬૩૫ | ૯૨૦ |
| ૧૭ | કપાસ | ૭૫૦ | ૧૫૨૪ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૧૭૭ |
| ૧૯ | જીરૂ | ૨૬૫૦ | ૪૯૨૦ |
| ૨૦ | રાયડો | ૮૦૦ | ૧૦૨૦ |
| ૨૧ | રાય | ૮૦૦ | ૧૦૨૫ |
| ૨૨ | ધાણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૨૩ | ધાણી | ૧૧૦૦ | ૨૦૫૦ |
| ૨૪ | અજમા | ૯૫૦ | ૧૬૬૭૫ |
| ૨૫ | મેથી | ૬૦૦ | ૧૦૪૦ |
| ૨૬ | સોયાબીન | ૫૦૦ | ૮૨૭ |
| ૨૭ | મરચા લાંબા | ૨૨૦ | ૧૬૦૦ |
| ૨૮ | દેશી મરચા | ૨૯૦ | ૩૧૫૦ |
| ૨૯ | વરીયાળી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૩૦ | કાંગ | ૪૫૧ | ૫૬૫ |
| ૩૧ | સુવાદાણા | ૧૬૦૦ | ૧૭૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૦૦ | ૯૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૨ |
| ૩ | ચણા | ૧૦૫૪ | ૧૦૫૬ |
| ૪ | તુવેર | ૧૧૩૦ | ૧૩૨૬ |
| ૫ | ધાણા | ૧૨૪૦ | ૧૩૦૫ |
| ૬ | એરંડા | ૧૦૮૦ | ૧૧૬૮ |
| ૭ | જીરૂ | ૪૦૦૦ | ૪૧૦૦ |
| ૮ | શીંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૮૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૦ | ૧૧૩૬ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૪૩૦૦ | ૪૫૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૪૮૫૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૧૪૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૬૮૬ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૬૨૫ |
| ૧૦ | ચણા | ૧૦૭૦ | ૮૦૦ |
| ૧૧ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૧૧૫ |
| ૧૨ | તુવેર | ૧૨૨૦ | ૧૩૪૧ |
| ૧૩ | એરંડી | ૧૧૩૦ | ૧૪૪૧ |
| ૧૪ | મેથી | ૭૦૦ | ૧૧૮૬ |
| ૧૫ | રાય/રાયડો | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૬ | ધાણા | ૧૩૫૦ | ૧૪૧૬ |
| ૧૭ | સોયાબીન | ૭૧૫ | ૭૭૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ૨ | ઘઉં લોકવન | ૩૯૦ | ૫૩૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૮૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| ૫ | મેથી | ૫૫૦ | ૯૩૫ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૩૩૫ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૯૧૦ |
| ૮ | મગ | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ૯ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૧ | રાય | ૧૦૯૫ | ૧૧૧૧ |
| ૧૨ | સોયાબીન | ૫૮૦ | ૮૧૭ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૮૫ | ૧૧૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૮૪૦ | ૧૯૪૫ |
| ૧૫ | જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ૧૬ | જુવાર | ૮૧૫ | ૮૧૫ |
| ૧૭ | શીંગફાડા | ૯૫૦ | ૧૧૭૦ |
| ૧૮ | લસણ | ૩૫૫ | ૩૫૫ |
| ૧૯ | એરંડી | ૧૧૧૦ | ૧૧૩૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૭ | ૧૪૫૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૩૦૦ | ૯૦૫ |
| ૩ | એરંડી | ૧૦૦૫ | ૧૧૫૮ |
| ૪ | સુવાદાણા | ૮૩૦ | ૮૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૯૩ | ૧૦૦૭ |
| ૪ | જીરૂ | ૩૮૩૦ | ૪૯૯૦ |
| ૫ | ઘઉં | ૪૫૦ | ૫૭૦ |
| ૬ | ચણા | ૧૦૬૨ | ૧૦૮૮ |
| ૭ | ધાણા | ૧૩૨૦ | ૧૫૮૦ |
| ૮ | તુવેર | ૧૨૪૦ | ૧૩૦૦ |
| ૯ | મેથી | ૯૭૦ | ૧૦૩૦ |
| ૧૦ | એરંડા | ૧૦૩૦ | ૧૧૬૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૨ | ૧૪૬૨ |
| ૨ | મગફળી | ૯૫૫ | ૧૦૦૧ |
| ૩ | ચણા | ૧૦૨૬ | ૧૦૯૯ |
| ૪ | જુવાર સફેદ | ૬૫૨ | ૭૦૦ |
| ૫ | રાય | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૬ | તુવેર | ૧૧૦૦ | ૧૨૫૨ |
| ૭ | ઘઉં | ૫૬૧ | ૫૬૧ |
| ૮ | સોયાબીન | ૭૬૧ | ૭૯૧ |
| ૯ | એરંડા | ૧૧૦૨ | ૧૧૫૦ |
| ૧૦ | અડદ | ૯૬૧ | ૯૬૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૭૬ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૩ | તલ પીળા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૧ | ૧૪૯૫ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૭૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૯૧ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૮ | સુર્યમુખી | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૧૦ | ચણા | ૭૨૦ | ૧૦૬૦ |
| ૧૧ | જીરૂ | ૩૭૦૧ | ૪૬૦૦ |
| ૧૨ | રાય | ૧૨૦૧ | ૧૨૫૧ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | સોયાબીન | ૭૨૧ | ૮૧૪ |
| ૧૬ | વાલ | ૫૫૧ | ૬૫૦ |
| ૧૭ | અજમા | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૧૮ | ચોળી | ૬૫૦ | ૬૫૦ |




## સીમરણ ગામનાં ભરતભાઈ નામના જાગૃત્ત નાગરિકે સોશ્યલ મીડિયામાં વિડીયો કર્યો વાયરલ

# સાવરકુંડલામાં સરકારી કચેરીનાં બાંધકામમાં દે ધનાધન

**સરકારી કચેરી બનાવવામાં હલ્કી ગુણવત્તાની રેતીનો ઉપયોગ થતો હોવાનો આક્ષેપ**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ચાલતા વિકાસકાર્યોમાં ભ્રષ્ટાચાર થાય છતાં તંત્ર ચુપ**

**નબળા બાંધકામનાં લીધે સરકારી કચેરીનું આયુષ્ય પણ અલ્પજીવી બને તો નવાઈ નહી**

**જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓએ તટસ્થ તપાસ કરાવવી જોઈએ તેવી માંગ**



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં કોઈ માર્ગકેમકાનસરકારીનાણાથીબનેઅને તેમાં નિયમોનો ઉલાળીયો ન થાય તેવું લગભગ કયારેય બનતું નથી. કારણ કે ટોપ ટુ બોટમ સુધી ભ્રષ્ટાચારની માયાજાળ એવી ફેલાઈ છે કે એક રૂપિયાનું કામ ૫૦ પૈસામાં જ મોટેભાગે થતું હોય છે. એટલે જ સરકારી મકાનો, માર્ગો અને પુલો ઘણી વખત કાર્યરત થાય તે પહેલા જ ધરાશાઈ થતાં હોવાની અનેક ઘટનાઓ બહાર આવતી હોય છે.

દરમિયાનમાં સાવરકુંડલા ખાતે સરકારી કચેરીનું બાંધકામ ચાલી રહ્યું છે. જેમાં કમ્પાઉન્ડ હોલની અંદર ગ્રાઉન્ડમાં થતાં પીસીસીના કામમાં બેફામ ભ્રષ્ટાચાર જયાં ૧૦૦ રૂપિયાનું કામ કરવાનું હોય તે માત્ર ૫૦ રૂપિયામાં થઈ રહ્યું હોય તેવું દેખાઈ આવે છે. જયાં રેતી વાપરવાની હોય ત્યાં માટી વાપરવામાં આવે છે. જો મામલતદાર ઓફિસના કમ્પાઉન્ડમાં આવુ નબળુ કામ ચાલતું હોય તો સાવરકુંડલા તાલુકામાં અન્ય જગ્યાએ તો કેવા કામ થતાં હશે અને કોના ગજવા ભરાતા હશે એ તો હવે જનતા જાણે અને જગતનો નાથ જાણે.

આ અંગેનો વિડીયો જાગૃત નાગરિકે સોશ્યલ મીડિયામાં વાયરલ કરીને જનપ્રતિનિધિઓને થયેલ બાંધકામની તટસ્થ તપાસ કરાવવા અને ત્યાં સુધી થયેલ કામનું બિલ ન ચુકવવા પણ માંગ કરેલ છે.

### રાની પશુઓ પણ શહેરી બનવા તરફ

## રાજુલાનાં બ્રાહ્મણ સોસાયટી જેવાં ભરચક્ક વિસ્તારમાં દીપડાનાં આંટાફેરા

**દીપડાનું દ્રશ્ય કેમેરામાં કેદ થયુ**

રાજુલા, તા. ૧૫

રાજુલાના ભરચક એરિયામાં અને બ્રાહ્મણ સોસાયટીમાં છેલ્લા ચાર દિવસથી દીપડો દેખાડે છે. આ સોસાયટીમાં બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરની દરવાજાની બાજુમાં દીવાલ છે. એ દીવાલ ઉપર ચાલતો રાત્રિના બે વાગ્યે જોવા મળ્યો હતો. તે દીપડાને મંદિરની બાજુમાં જ રહેતા એક ભાઈએ કેમેરામાં કેદ કરી લીધો હતો. આ દીપડો આવા ભરચક એરિયામાં કેમ આવી ગયો તે એક નવાઈની વાત છે. અને એકવાર નહીં પણ રાત્રિના ચાર દિવસથી મોડી રાત્રે બે થી ચાર વચ્ચે આટાફેરા કરતો જોવા મળે છે.



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરતા તેઓએ તપાસ કરી છે. અને જો હવે દેખાશે તો ત્યાં પાંજઢં મૂકીને પૂરવામાં આવે તેવી લોકલાગણી અને માગણી છે. બ્રાહ્મણ સોસાયટીના વડીલોએ તમામને સુચના આપી છે કે રાત્રે કોઈએ બહાર નીકળવું નહીં. અને ખાસ કરીને ફળિયામાં કોઈએ સૂવું પણ નહીં અને બાળકોને ખાસ જાળવીને રાખે અને દરવાજા બંધ કરે તેવી સૂચના આપવામાં આવી છે. આ દીપડો કયાંથી આવે છે તે નવાઈની વાત છે કેમકે આ સોસાયટી એકદમ વચ્ચે આવેલી છે અને ભરચક રહેણાંક વિસ્તાર સોસાયટી છે.

### સાંસ્કૃતિક હોલમાં બેસીને ચાલે છે વહીવટ

## લ્યો બોલો : લાઠીનાં શાખપુરમાં ગ્રામ પંચાયતનું મકાન જ નથી

**સરપંચે છેક પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો**

દામનગર, તા. ૧૫

લાઠી તાલુકાના શાખપુર ગામે છેલ્લા પાંચ વર્ષથી ગ્રામ પંચાયત કચેરીના બિલ્ડીંગનું કામ પૂર્ણ થયેલ ન હોય અનેક રજૂઆત ધારાસભ્ય સાંસદ અને કલેકટર સમક્ષ પાંચ વર્ષમાં થઈ કોઈપણ પ્રકારનું પરિણામ આવેલ નથી. અને આ ગ્રામ પંચાયત બિલ્ડીગ માટે ત્રણ ત્રણ વખત ટેન્ડરો બહાર પડેલ હોય કોઈ એજન્સી કામ કરવા માટે તૈયાર ન હોય જેથી આ બાબતની રજૂઆત શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમક્ષ એક પત્ર લખી અને શાખપુર ગ્રામ પંચાયત કચેરીના બિલ્ડીગનું કામ વહેલી તકે પૂર્ણ કરવા અને શાખપુર ગ્રામ પંચાયત



કચેરીનું બિલ્ડીગ જ નથી અને સાંસ્કૃતિક હોલમાં બેસીને ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ ચલાવવામાં આવે છે. જેની રજૂઆત કરેલ છે.

### જિલ્લાભરમાં ગૌમાંસનું વેચાણ કરનારાઓમાં ફેલાયો ફફડાટ

## અમરેલીમાંથી ૨૫૦ કિ.ગ્રા. ગૌમાંસ સાથે ઝડપાયેલ આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા રૂપિયા ૨.૫ લાખનાં દંડનો પણ હુકમ**

અમરેલી, તા. ૧૫

અમરેલીના ખાટકી વાડવિસ્તારમાં રહેતા સોહીલ મહમમદભાઈ ભાડુલા પોતાના રહેણાંક મકાને ગૌવંશનું કતલ કરી માસનું વેચાણ કરે છે તેવી બાતમી પોલીસને મળતાં સ્થાનિક પોલીસે ગત તા. ૨/૪/૨૧ ના રોજ આરોપીના મકાને દરોડા કરતા ત્યાંથી ગૌવંશના કપાયેલા અંગો ચામડી, કાન, પગની ખરી, શીંગડા તથા ૨૫૦ કિલો ગૌમાસ તથા કતલ કરવાના સાધનો સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

### પતિની પુરાણી વાત યાદ આવી જતાં

## બાબરાનાં ખાનપર ગામે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાતા સારવારમાં

**જસદણ ખાતે સારવારમાં ખસેડાઈ**

અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાના ખાનપર ગામે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં ૧૯ વર્ષિય યુવકના લગ્ન રીકલબેન સાથે આજથી આશરે બે મહિના પહેલા જસદણ મુકામે થયેલ હતા અને બંને પતિ–પત્નિ એક જ ગામના હોય અને તેઓને આશરે પાંચેક વર્ષથી પ્રેમ સંબંધ હતો.

આશરે છએક મહિના પહેલા યુવક રાજકોટ ખાતે હતા તે દરમ્યાન રીકલબેન પોતાના પપ્પાના ઘરેથી નીકળી જઈ અને રાત્રીના યુવકના ઘરે આવતી રહેલ હતી અને તેણીને તેના પપ્પાના ઘરે જવુ ન હતુ અને યુવકને રાજકોટથી પોતાના ઘરે આવવા બોલાવતી હતી. પરંતુ યુવક રાજકોટથી

અનુસંધાન પાના ૬ ઉપર




### ગામની સીમમાં આવેલ વાડીમાં બન્યો બનાવ

## અમરેલીનાં સાજીયાવદર ગામનાં યુવા ખેડૂતનું રોટોવેટરમાં આવી જવાથી મોત

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના સાજીવદર ગામે રહેતા કરશનભાઈ નારણભાઈ સભાયા નામના ૭૦ વર્ષિય વૃધ્ધ ખેડુતનો દિકરો વિરલ તા. ૧૪ના

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)